પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૦૫ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૫-૦૪-૨૦૨૨ સોમવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


### જમ્મુ-કાશ્મીરના યુવાનોને વડાપ્રધાનનું વચન

## તમારા દાદા-દાદીને જે મુશ્કેલીઓ સાથે જીવવું પડ્યું એવું તમને જીવવા નહીં દઉં : વડાપ્રધાન



શ્રીનગર,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ નિમિત્તે જમ્મુ-કાશ્મીરની મુલાકાતે પહોંચ્યા હતાં અહીં સાંબામાં પીએમ મોદીએ મંચ પર પહોંચીને હાથ જોડીને લોકોનું અભિવાદન કર્યું હતું. વડાપ્રધાન મોદીએ સાંબામાં એક પ્રદર્શનનું નિરીક્ષણ કર્યું હતું. અહીં વડાપ્રધાનો રૂપિયા ૨૦,૦૦૦ કરોડથી વધુના વિકાસ કાર્યોનો શિલાન્યાસ અને ઉદ્‌ઘાટન કર્યું છે. લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અભિનંદન પાઠવ્યા હતા.વડાપ્રધાને દિલ્હી-કટરા એક્સપ્રેસ વેનો શિલાન્યાસ કર્યો, રતલે હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ (૮૫૦ મેગાવોટ)નું ઉદ્‌ઘાટન કર્યું. આ સાથે જ ક્વાર હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ (૫૪૦ મેગાવોટ) નો શિલાન્યાસ પણ કર્યો છે.

અહીં એક જનસભાને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, ન તો આ જગ્યા મારા માટે નવી છે અને ન તો હું તમારા માટે નવો છું. મારા માટે ખુશીની વાત છે કે આજે કનેક્ટિવિટી અને વીજળી સંબંધિત ૨૦ હજાર કરોડ રૂપિયાનો પ્રોજેક્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

જમ્મુ-કાશ્મીરના વિકાસને નવી ગતિ આપવા માટે રાજ્યમાં ઝડપથી કામ ચાલી રહ્યું છે. આ પ્રયાસોને કારણે મોટી સંખ્યામાં જમ્મુ-કાશ્મીરના યુવાનોને રોજગારી મળશે. આજે ઘણા પરિવારોને ગામડાઓમાં તેમના ઘરના પ્રોપર્ટી કાર્ડ પણ મળી ગયા છે. આ માલિકી કાર્ડ ગામડાઓમાં નવી શક્યતાઓને પ્રેરણા આપશે.

જમ્મુ અને કાશ્મીરમાં પંચાયત દિવસ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાંબા જિલ્લાની પલ્લી પંચાયતમાં લોકોને સંબોધન કરી રહ્યા છે. આ દરમિયાન મોદીએ કહ્યું કે આ જગ્યા મારા માટે નવી નથી. તેમણે કહ્યું કે જમ્મુ-કાશ્મીરના વિકાસને ગતિ આપવા માટે ઝડપથી કામ ચાલી રહ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આઝાદીના ૭ દાયકામાં જમ્મુ-કાશ્મીરમાં માત્ર ૧૭ હજાર કરોડ રૂપિયાનું ખાનગી રોકાણ થઈ શક્યું. છેલ્લા બે વર્ષમાં આ આંકડો ૩૮ હજાર કરોડ સુધી પહોંચી ગયો છે. પીએમએ કહ્યું કે જમ્મુ-કાશ્મીર વિકાસનો નવો અધ્યાય લખી રહ્યું છે. બાબાસાહેબ આંબેડકરનું સપનું અમે સાકાર કર્યું છે. તેમણે કહ્યું કે જમ્મુ-કાશ્મીરના યુવાનોને રોજગારની તકો મળશે. વડાપ્રધાને કહ્યું કે જો સરકારી ફાઈલ દિલ્હીથી નીકળતી હતી તો અહીં પહોંચતા તેને ૨-૩ દિવસ અઠવાડિયા લાગતા હતા.

પીએમ મોદીએ કહ્યું કે હું તમને ખાતરી આપું છું કે તમારા દાદા-દાદીને જે મુશ્કેલી સાથે જીવવું પડ્યું તેવું જીવન તમને અને તમારા બાળકોને જીવવા નહીં દઉં', મારી વાત પર વિશ્વાસ કરો. મોદીએ કહ્યું- ૨૦૨૦ સુધીમાં દેશને કાર્બન ન્યુટ્રલ બનાવવાનો સંકલ્પ છે. જમ્મુ-કાશ્મીરે આ દિશામાં મોટી પહેલ કરી છે. ભારત ગ્લાસગોના સંકલ્પને જમ્મુ અને કાશ્મીરની નાની પંચાયત પલ્લીમાં લાગુ કરવામાં આવી છે. તે પ્રથમ કાર્બન ન્યુટ્રલ પંચાયત તરફ આગળ વધી રહી છે. આ મહાન સિદ્ધિ અને વિકાસના આ કાર્ય માટે જમ્મુ-કાશ્મીરના લોકોને અભિનંદન પાઠવું છું.

જમ્મુ અને કાશ્મીરમાં પીએમએ કહ્યું કે કેન્દ્રનું લક્ષ્ય પંચાયતોને વધુ સત્તા આપવાનું અને સશક્તિકરણ કરવાનું છે. તેમણે કહ્યું, 'પંચાયતી રાજ વ્યવસ્થામાં બહેનોની ભાગીદારી વધારવા પર પણ અમારી સરકાર ઘણો ભાર મૂકે છે.

પીએમ મોદીએ કહ્યું કે જ્યારે ગુજરાતમાં પાણીની વ્યવસ્થા મહિલાઓને સોંપવામાં આવી ત્યારે અમે વધુ સારા પરિણામો જોયા હતા. તેમણે કહ્યું કે ગામમાં દરેક સ્તરે બહેનો અને દીકરીઓએ સહભાગિતા વધારવી પડશે. તેમણે કહ્યું કે પંચાયતોના સંસાધનોનો ઉપયોગ કરવાના પ્રયાસો કરવા જોઈએ. તેમણે કહ્યું કે આનાથી આવકની શક્યતાઓ વધશે. બાયો સીએનજી, બાયો ફર્ટિલાઈઝર પણ લગાવી શકાય છે. તેનાથી ગામની આવકમાં વધારો થશે. આ માટે કચરાનું યોગ્ય વ્યવસ્થાપન પણ જરૂરી છે. આ સાથે એમ પણ કહ્યું કે ઘરેથી જ ભીનો અને સૂકો કચરો અલગ કરો.


જમ્મુ-કાશ્મીરના સાંબામાં આયોજિત કાર્યક્રમમાં જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ કહ્યું કે ઉદ્યોગોમાં સુવર્ણ યુગ શરૂ થયો છે. તેમણે વધુમાં કહ્યું કે આઝાદીના એક વર્ષ પહેલા સુધી ૧૫ હજાર કરોડનું રોકાણ આવ્યું હતું. પરંતુ આજે અમારી પાસે ૫૫૧૫૫ કરોડના રોકાણનાં પ્રસ્તાવ છે.

પીએમ મોદી રૂ. ૩૮,૦૮૨ કરોડના ઔદ્યોગિક વિકાસ પ્રસ્તાવોનો શિલાન્યાસ કર્યો છે. આ દરમિયાન પીએમ ૨ હાઈડ્રો પાવર પ્રોજેક્ટનો પણ શિલાન્યાસ કર્યો છે અને સાથે સાથે જમ્મુ-શ્રીનગર ટનલનું પણ ઉદ્‌ઘાટન કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે જમ્મુ-કાશ્મીરની મુલાકાતે છે. તેઓ જમ્મુના સાંબા જિલ્લામાં યોજાનાર પંચાયતી રાજ દિવસના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. નરેન્દ્ર મોદી રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો.તેઓ દેશભરની ગ્રામસભાઓને પણ સંબોધન કર્યું હતું.

## અમદાવાદમાં મહત્તમ તાપમાનનો પારો બેથી ત્રણ ડિગ્રી વધીને ૪૪ને પાર જઇ શકે છે

અમદાવાદ,

દેશભરમાં છેલ્લા થોડા દિવસોથી પ્રી મોનસૂન ગતિવિધિઓ જોવા મળી. વરસાદ અને ધૂળ ભરેલી હવાને કારણે તાપમાનમાં ઘટાડો થયો હતો. ત્યારે હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં આગામી ૫ દિવસ હિટવેવની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં ઉત્તર પશ્ચિમ ઉતરના પવન ફુકાય રહ્યા છે. ગરમ અને સૂકા પવનને કારણે રાજ્યમાં મહત્તમ તાપમાનમાં વધારો થશે. અગામી ૫ દિવસ હિટવેવ રહેશે. ૨ થી ૩ ડીગ્રી મહત્તમ તાપમાન ઊંચું જશે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર કચ્છમાં હિટવેવની અસર થશે. દક્ષિણ ગુજરાતમાં પણ



હિટવેવ રહેશે. સુરત, વલસાડ, સૌરાષ્ટ્રમાં પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, કચ્છ, અને ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા, પાટણ,સાબરકાંઠા જિલ્લામાં હિટવેવ રહેશે.

શનિવારે દિવસ દરમિયાન રાજકોટ અને ગાંધીનગરમાં ૪૨ ડિગ્રી સાથે સૌથી વધુ ગરમી નોંધાઈ હતી. અમદાવાદમાં ૪૧.૫ ડિગ્રી સાથે સરેરાશ મહત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં ૧ ડિગ્રીનો વધારો નોંધાયો હતો. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, આગામી ૨૫થી ૨૮ એપ્રિલ દરમિયાન અમદાવાદમાં મહત્તમ તાપમાનનો પારો બેથી ત્રણ ડિગ્રી વધીને ૪૪ને પાર જઇ શકે છે. અમદાવાદમાં એપ્રિલ માસમાં જ ગરમીનો પારો ૪૪ને પાર થયો હોય તેવું એપ્રિલમાં છેલ્લા ૧૦ વર્ષમાં બન્યું નથી.

ભૂજ, વડોદરામાં પણ તાપમાનનો પારો ૪૧ ડિગ્રીને પાર થયો હતો. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ૩ દિવસમાં તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થઈ શકે છે. કાળઝાળ ગરમીની આગાહી પ્રમાણે, સુરત, વલસાડ, જુનાગઢ, ગીર સોમનાથ, કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવી છે.

હિટવેવની આગાહી સાથે હિટવેવમાં લોકોએ સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું જોઈએ તેની પણ સલાહ આપવામાં આવી છે. હિટવેવ હોય ત્યારે લાંબો સમય તાપમાં બહાર રહેવું નહિ. ૧૨ થી ૪ વાગ્યા કામ વગર ઘરની બહાર નીકળું જોઈએ નહીં. પાણી વારંવાર પીવું જોઈએ. જેના કારણે ડી હાઈડ્રેશનથી બચી શકાય.

ગુજરાતના મહત્તમ ભાગમાં બે દિવસ હવામાં ભેજનું પ્રમાણ વધતા ગરમીમાંથી આંશિક રાહત મળી હતી. સૌરાષ્ટ્રમાં વરસાદી છાંટા પણ થયા હતા. જોકે પવનની દિશા બદલાય છે. જેના તાપમાન વધશે અને કાળઝાળ ગરમીનો અહેસાસ થશે.

હવામાન ખાતાએ ગુજરાતની સાથે દિલ્હી, પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં છેલ્લા કેટલાક દિવસો દરમિયાન તાપમાનમાં ૫ ડિગ્રી સેલ્સિયસ સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. પરંતુ આ વિસ્તારોમાં ફરી એકવાર ગરમીનું મોજુ પ્રવર્તશે. ગુજરાત અને મહારાષ્ટ્રના અનેક વિસ્તારોમાં ગરમીથી રાહત મળવાની આશા નથી. અહીં ૨૬ એપ્રિલ સુધી ગરમી રહેશે. મધ્યપ્રદેશ અને દક્ષિણ, પૂર્વ ઉત્તર પ્રદેશમાં પણ ફરીથી ગરમીના મોજાને લઈને એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

## બિનસચિવાલય ક્લાર્કની પરીક્ષા : ગેરરીતિ અટકાવવા ઉમેદવારોના માસ્ક અને દુપટ્ટા પણ દૂર કરાવ્યા

અમદાવાદ,

રાજ્યમાં બિનસચિવાલય ક્લાર્કની પરીક્ષા યોજાઈ રહી છે. રાજ્યના ૩૨ જિલ્લામાં ૩૨૪૩ કેન્દ્રો પર બિન સચિવાલય ક્લાર્ક પરીક્ષાનું આયોજન કરાયું છે. ૧૦ લાખ ૪૫ હજાર ઉમેદવારો પરીક્ષા આપી રહ્યા છે. ત્યારે પરીક્ષામાં કોઈ ગેરરીતિ અને ગેરવ્યવસ્થા ન થાય તેને લઈને તંત્ર દ્વારા કડક ચેકિંગ કરાયું. પરીક્ષા આપવા આવેલા ઉમેદવારના માસ્ક અને દુપટ્ટા પણ દૂર કરાવ્યા અને ટ્રાન્સપરન્ટ પાણીની બોટલ સિવાય અન્ય પાણીની બોટલો પણ દૂર કરાવી હતી.

દૂધનો દાજયો છાશ પણ ફૂંકીને પીવે તેવી હાલત હાલ ગૌણ સેવા પસંદગી મંડળની છે. કારણકે, છેલ્લા ત્રણ વર્ષમાં ત્રણવાર ૨૬ થયેલી પરીક્ષા આખરે લેવાઈ રહી છે ત્યારે આ પરીક્ષામાં કોઈ ગેરરીતિ ન થાય ગેર વ્યવસ્થા ન થાય અને કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે તંત્રએ ફુલપ્રુફ પ્લાનિંગ કર્યું છે. તંત્ર દ્વારા પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવીથી મોનિટરીંગ કરવામાં આવી રહ્યું છે.

પરીક્ષા કેન્દ્ર મોબાઈલ પર પ્રતિબંધ ફરમાવ્યો છે. પરીક્ષા કેન્દ્રમાં ઉમેદવાર કે નિરીક્ષકો મોબાઈલ રાખી ન શકે તેવી ફુલપ્રુફ વ્યવસ્થા પરીક્ષા તંત્ર દ્વારા કરવામાં આવી છે. જેને લઈ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશી રહેલા ઉમેદવારઓના પોલીસ અને નિરિક્ષકો દ્વારા માસ્ક અને દુપટ્ટા પણ દૂર કરાવ્યા હતા. જેથી કરીને પરીક્ષા માટે આપવામાં આવેલી હોલ ટિકિટ પર ઉમેદવારનો ફોટો અને પરીક્ષા આપવા આવેલ ઉમેદવારનો ચહેરો મેચ કરી શકાય. આ ઉપરાંત મોબાઈલ સાથે આવેલા ઉમેદવારના મોબાઈલ બહાર મુકાવ્યા હતા.

ટ્રાન્સપરન્ટ પાણીની બોટલ સિવાયની બોટલ લઈને આવલે ઉમેદવારની બોટલ પણ બહાર મૂકાવી હતી. મહત્વનુ છે કે, પાછલા કેટલાક મહિનાઓમાં પેપર ફુટવાની ઘટનાઓ, સોશિયલ મીડિયામાં ફરતું થવાની ઘટનાઓને લઈ ભારે વિવાદ થઈ ચૂક્યો છે.


તેવામાં હવે બિનસચિવાલય ક્લાર્કની પરીક્ષાને લઈ કોઈ ખામી ન રહે તે માટે પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્ર પર પણ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

## ચારધામની યાત્રા કરનારા તમામ લોકોનું વેરિફિકેશન કરવાના મુખ્યમંત્રીએ આદેશ જારી કર્યા

દહેરાદુન,

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ કહ્યું છે કે ચારધામ યાત્રા પર આવનારા લોકોને વેરિફિકેશન કરવામાં આવશે આ સાથે જ રાજયમાં અસામાજિક તત્વોના વેરિફિકેશન માટે એક અભિયાન ચલાવવામાં આવશે જેથી વાતાવરણ ખરાબ ન થાય

ચાર ધામ યાત્રા દરમિયાન લોકોના વેરિફિકેશનની બાબતમાં બોલતા પુષ્કર સિંહ ધામીએ કહ્યું કે અમારો પ્રદેશ શાંત પ્રદેશ છે અને સરકાર ચારધામ યાત્રાને લઇ તૈયાર છે.મુખ્યમંત્રીએ કહ્યું કે ધર્મ અને સંસ્કૃતિની રક્ષા કરવી સરકારની જવાબદારી છે તેમણે કહ્યું કે બહારથી ચાર ધામ યાત્રા પર ઉત્તરાખંડ આવનારા લોકોને યોગ્ય સત્યાપનથી



પસાર થવું પડશે.જેથી શાંતિ માટે ખતરો પેદા કરનારા રાજયમાં પ્રવેશી શકે નહીં.

મુખ્યમંત્રીએ કહ્યું કે ચારધામ યાત્રા દરમિયાનિ પ્રદેશમાં એવા કોઇ પણ વ્યક્તિને પ્રવેશ થવો જોઇએ નહીં જે અમારી ધાર્મિક આસ્થાને ઠેંસ પહોંચાડે મુખ્યમંત્રીએ કહ્યું કે અમે આ જોવા માટે એક અભિયાન ચાલવીશું કે બહારથી તીર્થયાત્રા માટે આવનારાઓનું યોગ્ય સત્યાપન થાય અને જેમની પાસે આ નથી તે પોતાનું સત્યાપન કરાવે.

મુખ્યમંત્રી ધામીએ કાયદો વ્યવસ્થાને લઇને પણ સખ્ત નિર્દેશ જારી કર્યા છે મુખ્યમંત્રીએ કહ્યું કે ઉત્તરાખંડ ધર્મ અને સંસ્કૃતિનું કેન્દ્ર છે અહીં અતિક્રમણ માટે કોઇ સ્થાન નથી સરકારી ભૂમિ પર કબજો કરનારાઓ માટે કોઇ સ્થાન નથી ધાર્મિક ઉન્માદ ફેલાવવા અને તોફાનો કરનારા માટે કોઇ સ્થાન નથી આવા મામલાની સખ્તાઇથી તપાસ થશે અને લોકો પર કાર્યવાહી કરવામાં આવશે

એ યાદ રહે કે ચાર ધામની યાત્રા માટે બુકીંગ પહેલા જ ફુલ થઇ ગયું છે ભકતો માટે ગંગોત્રી અને યમુનોત્રી ધામના કપાટ ૩મેના રોજ ખુલી રહ્યાં છે જયારે કેદારનાથના કપાટ ૭ મે અને બદરીનાથ ધામના કપાટ ૮ મેના રોજ શ્રધ્ધાળુઓ માટે ખોલવામાં આવશે ચારધામની યાત્રા પહેલા ઉત્તરાખંડ સરકારે સુરક્ષા વ્યવસ્થા સહિત તમામ વ્યવસ્થાની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

## મોદીના સપનાની બુલેટ ટ્રેનને બ્રેક લાગી શકે છે, જાપાને ઈજનેરોના પગારનો સવાલ ઉઠાવ્યા

નવીદિલ્હી,

મુંબઈથી અમદાવાદ વચ્ચેનું અંતર ઓછું કરવા માટે દોડનારી બુલેટ ટ્રેનના પ્રોજેક્ટમાં નવી અડચણ આવી છે. જમીન સંપાદન અને પર્યાવરણ સાથે જોડાયેલી ચિંતાઓને દૂર કર્યા બાદ હવે ઈક્રમટેક્સનો મામલો ઉભો થઈ ગયો છે. જાપાને આ પ્રોજેક્ટમાં લાગેલા પોતાના એન્જિનિયરોની કમાણી પર લાગનારા ઈક્રમટેક્સને લઈને સવાલો ઉઠાવ્યા છે. જાપાને કહ્યું છે કે આ ટેક્સ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ્સની ડિઝાઈન સાથે જોડાયેલા કામ સંભાળી રહેલા કન્સલ્ટન્ટ્સ પર લાગવો જોઈએ નહીં.

અંગ્રેજી અખબારના અહેવાલ પ્રમાણે, જાપાને કહ્યુ છે કે ભારત સરકારે આ કન્સલ્ટન્સ્ટને મળનારી ફી અને અન્ય ખર્ચાઓ પર ઈક્રમટેક્સ લગાવવો જોઈએ નહીં. એટલું જ નહીં આ મુદ્દાના વણઉકેલ્યા રહેવાની સ્થિતિમાં યોજનામાં વિલંબને લઈને પણ ચેતવણી આપી છે. જાપાનની સરકારે ભારતના ઈક્રમટેક્સ એક્ટની ક્લોઝ ૮, ૮એ અને ૮બી તથા કલમ ૧૦ના ક્લોઝ ૯ને લઈને વાંધો વ્યક્ત કર્યો છે. આ યોજનામાં જાપાને ભારત સરકારને લોન પણ આપી છે. જાપાનનો તર્ક છે કે તેની જ ગ્રાંટથી આગળ વધી રહેલી યોજનામાં કાર્યરત જાપાની નાગરિકોની આવક પર ઈક્રમટેક્સ લાગવો જોઈએ નહીં.

હકીકતમાં આ પ્રોજેક્ટ માટે જાપાન તરફથી ભારત સરકારને લોન પણ આપવામાં આવી છે. તેના પર જાપાનની દલીલ છે કે તેની પોતાની ગ્રાન્ટમાંથી તૈયાર થનારા પ્રોજેક્ટમાં કામ કરતા જાપાની કર્મચારીઓની આવક પર આવકવેરો ન લગાવવો જોઈએ. નોંધનીય છે કે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે જમીન સંપાદનનો મુદ્દો પણ બન્યો હતો અને સરકારના તમામ પ્રયાસો બાદ તેના પર કામ આગળ વધ્યું છે.

## પાકિસ્તાની જેલોમાં ગુજરાતના માછીમારો સહિત ૭૦૧ ભારતીય નાગરિકો કેદ

નવીદિલ્હી,

પાકિસ્તાનની સમુદ્રી સંસ્થા પાકિસ્તાન મેરીટાઈમ સિક્યોરિટી એજન્સી (પીએમએસએ) આંતરરાષ્ટ્રીય જળસીમામાં માછલી પકડવા જતાં ગુજરાતના માછીમારોની ગેરકાયદે ધરપકડ કરીને તેમની જેલોમાં ગોંધી રાખે છે. ભારતીય વિદેશ મંત્રાલયના એક અહેવાલ મુજબ પાકિસ્તાની જેલોમાં ગુજરાતના માછીમારો સહિત ૭૦૧ ભારતીય નાગરિકો કેદ છે.

કેન્દ્રીય તપાસ સંસ્થા એનઆઈએએ પાકિસ્તાન દ્વારા ભારતમાં અશાંતી ફેલાવવાના વધુ એક કાવતરાંનો ઘટસ્ફોટ કર્યો છે ત્યારે રાજયકક્ષાના વિદેશ મંત્રી વી. મુરલીધરને તાજેતરમાં સંસદમાં જણાવ્યું હતું કે, દુનિયામાં ૮૨ દેશોમાં ૮,૦૦૦થી વધુ ભારતીય નાગરિકો કેદ છે,વિદેશની જેલોમાં કેદ ભારતીય નાગરિકોમાં અન્ડર ટ્રાયલના કેદીઓનો પણ સમાવેશ થાય છે. ભારતના સૌથી વધુ નાગરિકો અખાતના દેશોમાં કેદ છે. સંયુક્ત આરબ અમિરાત (યુએઈ)માં સૌથી વધુ ૧૪૮૦ ભારતીય નાગરિકો કેદ છે. ત્યાર પછી સાઉદી અરબમાં ૧૩૯૨ ભારતીય નાગરિકો કેદ છે.

મુરલીધરને કહ્યું હતું કે, ખાડી દેશો અને ઈરાનમાં સૌથી વધુ ૪,૦૫૮ ભારતીય નાગરિકો કેદ છે. ભારતીય નાગરિકો રોજગારીની વધુ સારી તકો માટે આ દેશોમાં જાય છે. ભારતના પડોશી દેશોમાં ૧૯૧૩ કેદીઓ જેલમાં બંધ છે, જેમાં પાકિસ્તાનમાં કેદ ૭૦૧ ભારતીયોનો સમાવેશ થાય છે. ગુજરાતના માછીમારો અરબી સમુદ્રમાં માછલી પકડવા જાય છે ત્યારે પાકિસ્તાની મેરીટાઈમ એજન્સી ગેરકાયદે રીતે તેમની ધરપકડ કરી લે છે. જોકે, પડોશી દેશોમાં સૌથી વધુ ૧૧૧૨ ભારતીય નાગરિકો નેપાળની જેલોમાં કેદ છે. અમેરિકામાં ભારતના ૨૬૭ અને બ્રિટનમાં ૩૭૩ ભારતીયો કેદ છે.


કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

અંકુર સખી મંડળી

મુ.રામપુર, તા.ધાનપુર, જી.દાહોદ


## હરિદ્વારમાં ગુજરાતના શ્રદ્ધાળુઓની બસ પલટી, મહિલા અને યુવકના મોત, ૧૨ ઘાયલ

હરિદ્વાર,

ગુજરાતના શ્રદ્ધાળુઓથી ભરેલી બસ બેકાબૂ થઈને પલટી ગઈ. આ અકસ્માતમાં એક મહિલા અને એક યુવકનું મોત નીપજ્યું હતું. મૃતક મહિલાની હજુ સુધી ઓળખ થઈ શકી નથી. જ્યારે ૧૨ શ્રદ્ધાળુઓ ઘાયલ થયા છે. તમામ ઘાયલોને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ દરમિયાન બાઈક પર સવાર બે યુવકો પણ બસની અડફેટે આવી ગયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, ગુજરાતના અમરોલી શહેરમાંથી ૬૦ શ્રદ્ધાળુઓ ગુરુવારે એક બસમાં ગંગામાં સ્નાન કરવા માટે હરિદ્વાર આવ્યા હતા. શનિવારે રાત્રે ભક્તો હરિદ્વારથી મથુરા જઈ રહ્યા હતા. મેંગલોર કોતવાલી પાસે બાયપાસ પર સ્થિત બ્રિજ પરથી ભક્તોની બસ નીચે ઉતરતાની સાથે જ અચાનક બેકાબૂ થઈને પલટી ગઈ. નજીકના લોકોએ દોડી આવી બસમાં ફસાયેલા મુસાફરોને બહાર કાઢ્યા હતા. એમ્બ્યુલન્સની મદદથી તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવતા મહિલાને મૃત જાહેર કરવામાં આવી હતી. જ્યારે એકની હાલત નાજુક હતી. જે પણ મૃત્યુ પામ્યા. મૃતકનું નામ અર્જુન (૩૦) ગામ મુંડલાના કોતવાલી મેંગ્લોરનો રહેવાસી છે. મોડી રાત્રે મુંદલાણાના રહેવાસી અર્જુનને પણ તબીબોએ મૃત જાહેર કર્યો હતો. પોલીસે લાશનો કબજો લીધો છે. ઘાયલોમાં મહિલાઓ અને બાળકો પણ સામેલ છે. જણાવવામાં આવી રહ્યું છે કે બસની બ્રેક ફેલ થવાના કારણે આ અકસ્માત થયો હતો.

## જમ્મુમાં વડા પ્રધાન મોદીએ જે સોલર પ્લાંટ સમર્પિત કર્યો

જમ્મુ,

રાષ્ટ્રીય પંચાયતીરાજ દિવસના અવસરે જમ્મુના સામ્બા જિલ્લાની પલ્લી પંચાયતનું નામ ઈતિહાસમાં નોંધાઈ ગયું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પલ્લી પંચાયતના લોકોને ૫૦૦ કિલોવૉટ ક્ષમતાવાળો પાવર પ્લાન્ટ સમર્પિત કર્યો છે.

તેમણે દેશની ગ્રામ પંચાયતોને સંબોધિત કરતાં કહ્યું કે,"સામ્બા જિલ્લાના પલ્લીમાં ૫૦૦ કિલોવૉટ સોલર પ્લાન્ટના ઉદ્‌ઘાટનની સાથે જ તે દેશની પ્રથમ કાર્બન મુકત પંચાયત બની ગઈ છે.પલ્લીના લોકોએ સાબિત કર્યું કે 'સબકા પ્રયાસ' શું કરી શકે છે." આ બાદ પલ્લી કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીરની પ્રથમ કાર્બનમુક્ત પંચાયત બની ગઈ છે. અહીંના સ્થાનિક પાવર ગ્રિડ સ્ટેશનથી ઘરોમાં કાર્બનરહિત વીજળીનો પુરવઠો પૂરો પડાશે.

કેન્દ્ર સરકારે આ પ્લાન્ટને ૨.૭૫ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયો છે. આ પ્લાન્ટ અહીંનાં ૩૪૦ ઘરોમાં સૌરઊર્જા ઉપલબ્ધ કરાવવા માટે ૨૦ દિવસમાં ઊભો કરાયો છે.

સેન્ટ્રલ ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડના વરિષ્ઠ સાઈટ ઈજનેર મોહમ્મદ યાસીને જણાવ્યું કે ૨૫થી ૩૦ શ્રમિક, સાઈટ ઈજનેરો અને અન્ય વિશેષજ્ઞોની સમગ્ર ટીમે ૨૦ દિવસમાં આને ચાલુ કરવામાં સફળતા મેળવી છે. યોજનાને પૂરી કરવા માટે દરરોજ ૧૮ કલાક કરતાં વધુ સમય માટે કામ કરાયું છે. સામાન્ય સ્થિતિમાં આ કામ ૯૦ દિવસમાં પૂરું થયું હોત. મોહમ્મદ યાસીને સ્થાનિક પ્રશાસન અને વડા પ્રધાન કાર્યાલયના સભ્યોને તેમનો ઉત્સાહ વધારવા માટે આભાર વ્યક્ત કરતા કહ્યું છે કે આ કાર્ય તેમની મદદ વગર કરી શકવું મુશ્કેલ હતું.

તેમણે કહ્યું, "અમને એ વાતનો ગર્વ છે કે અમે આ કામને ૨૦ દિવસમાં પૂરું કરી શક્યા. ૫૦૦ કિલોવૉટ ક્ષમતાના સોલર પૅનલ ૬,૪૦૮ વર્ગ મીટર ક્ષેત્રમાં લગાવાયેલા છે. તેની ટ્રાયલ પણ સફળ રહી છે."

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહિસાગર જીલ્લાના લીંબડીયા થી ખાનપુર સુધીના એક મહિના પહેલા બનેલ રોડ ઉપર હલ્કી ગુણવતાની કામગીરીને લઈ ભુવો પડયો




તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
મહિસાગર જીલ્લાના લીંબડીયા થી ખાનપુર તરફનો લાખો રૂપીયાના ખર્ચે નવિન રસ્તાની કામગીરી કરવામાં આવી હતી. કોન્ટ્રાકટર દ્વારા હલ્કી ગુણવત્તાની કામગીરી કરવામાં આવતાં લીંબડીયા ચોકડી પાસેથ નવા રોડ ઉપર ભુવો પડતા અકસ્માતનો ભય વધ્યો છે.

મહિસાગર જીલ્લા આર એન્ડ બી દ્વારા લીંબડીયા થી ખાનપુર સુધીનો રસ્તો લાખો રૂપીયાના ખર્ચે બનાવવામાં આવ્યો છે. સ્થાનિક ધારાસભ્યની સરકારમાં રજુઆત કરીને રોડ મંજુર કરવામાં આવ્યો હતો. પરંતુ આર એન્ડ બી વિભાગ અને કોન્ટ્રાકટરની મીલીભગત હોવાને લઈ કોન્ટ્રાકટર દ્વારા હલ્કી ગુણવતાના રોડની કામગીરી કરવામાં આવી હતી. લીંબડીયા થી ખાનપુર સુધીનો એક માસ પહેલા બનેલ રસ્તા ઉપર લીંબડીયા ચોકડી પાસે ભુવો પડયો છે. જે રસ્તાની કામગીરીમાં થયેલ ભ્રષ્ટાચારની ચાડી ખાઈ છે. લીંબડીયા ચોકડી થી ખાનપુર સુધી નવા બનેલ રોડ ઉપર ભુવો પડવા બાબતે સ્થાનિકો દ્વારા આર એન્ડ બી વિભાગને ફોન દ્વારા ભુવા અંગે રજુઆત કરવા છતાં કાર્યવાહી કરવામાં આવી નથી. ત્યારે શું રોડ ઉપર પડેલ ભુવા થી અકસ્માતમાં કોઈનો ભોગ લેવાશે પછી તંત્ર જાગશે તે જોવું રહ્યું.

# સંતરામપુર નગરની પ્રતાપપુરા પ્રાથમિક શાળામાં ઓરડાઓ જર્જરિત હાલતમાં બાળકો બહાર લોબી માં અભ્યાસ કરવા મજબૂર


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર નગરની પ્રતાપપુરા પ્રાથમિક શાળામાં એક થી આઠ ધોરણ આવેલા છે. જેમાં ચાર ઓરડાઓ બિલકુલ જર્જરીત હાલતમાં છે. પ્રિન્સિપાલ ડીશ મેન્ટલ માટે છેલ્લા ત્રણ વર્ષથી જિલ્લા શિક્ષણ અધિકારી અને તાલુકા શિક્ષણ અધિકારી વારંવાર લેખિતમાં અરજી આપી હતી અને મંજૂરી માંગી હતી, પરંતુ આજદિન સુધી કોઈ જવાબ આપવામાં આવેલો નથી. પ્રતાપુરા પ્રાથમિક શાળામાં સૌથી વધારે મધ્યમ અને ગરીબ વર્ગનાં બાળકો અભ્યાસ કરતા હોય છે. વાલીઓ જીવના જોખમે પોતાના બાળકોને અભ્યાસ કરવા મોકલવા મજબૂર થયા હતા. ચોમાસા દરમિયાન તો બાળકોને અંદર કે બહાર બહાર બેસી પણ શકતા નથી અને ચોમાસામાં બાળકો રજા પાડી દેતા હોય છે. ચારેચાર ઓરડામાં બિલકુલ જર્જરીત હાલત પહોંચે શિક્ષકો પણ અંદર બેસે તો ગભરાટ થતી હોય છે અને આવા ઓરડામાં શિક્ષકો અને વિદ્યાર્થીઓનો જીવ જોખમમાં મુકાયો છે. ચારે બાજુની ઓરડાની દીવાલો અને છત પડે એવી અવસ્થામાં છે. સંતરામપુર નગરના પ્રતાપપુરાની આ પ્રાથમિક શાળા સૌથી મોટી અને સૌથી વધારે સંખ્યા ધરાવતી કે તેમ છતાંય શિક્ષણ શિક્ષણતંત્ર સુવિધા પૂરી પાડવામાં આ નવા ઓરડા બનાવવાની નિષ્ફળ ગયેલી છે.

# સંતરામપુર નગર પાલિકાના સત્તાધિશો નગરજનોને પ્રાથમિક સુવિધા પુરી પાડવામાં નિષ્ફળ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર નગર પાલિકા વિસ્તારમાં આવતાં ગોધરા ભાગોળ સહિત અન્ય વિસ્તારોમાં ગટરના ગંદાપાણીની સમસ્યા હલ કરવા પાલિકા તંત્ર નિષ્ફળ રહ્યું સાથે આ વિસ્તારોમાં સફાઈ, સ્ટ્રીટ લાઈટ જેવી પ્રાથમિક સુવિધા પણ પુરી પાડી શકયા નથી. આ વિસ્તારોના રહિશોને પાલિકા તંત્રના સત્તાધિશો ઉપર વિકાસના કામો કરશે તેવો વિશ્વાસ પણ રહ્યો નથી.

સંતરામપુર નગર પાલિકાના રહિશો દ્વારા તેમજ વેપારીઓ દ્વારા પાલિકાના હાઉસ ટેકસ, દિવાબતી વેરાની રકમ નિયમીત ચુકવે છે. તેમ છતાં પાલિકા સત્તાધિશો અને ચીફ ઓફિસરની બેદરકારીના કારણે જાણે સંતરામપુર નગરના વિકાસ અટકી ગયો હોય તેમ લાગી રહ્યું છે. સંતરામપુર નગરના મોટાભાગના તમામ માર્ગો ઉપર ગટરનું ગંદુપાણી રેલાતું જોવા મળે છે. આટલું ઓછું હોય તેમ સફાઈના અભાવે કચરાના ઢગલાઓ ઠેરઠેર જોવા મળતા હોય છે. રોડ સાઈડોમાં આડેધડ માટી ઢગલાઓથી ટ્રાફિકની સમસ્યા થી વાહન ચાલકો અને રાહદારીઓ પરેશાન થઈ રહ્યા છે. છેલ્લા લાંબા સમય થી સંતરામપુર પાલિકા તંત્રનો વહીવટ કથડેલ હોય તેમ જણાઈ રહ્યું છે. સંતરામપુર નગરના રહિશો પ્રાથમિક સુવિધાઓ ગંદાપાણીના નિકાલ, સાફ-સફાઈ, કચરા ઢગલાઓ હટાવવા મુદ્દે હોય કે સ્ટ્રીટ લાઈટ જેવી પ્રાથમિક સુવિધાઓ માટે પાલિકામાં રજુઆત કરવા જાય તો કોઈ ધ્યાન લેવાતું નથી. પાલિકા તંત્ર નધણિયાર બન્યું હોય તેવા અહેસાસ નગરજનો કહી રહ્યા છે. ચુંટણી સમયે વાયદાઓ કરવામાં આવતાં હોય પણ ચુંટણી જીતી ગયા બાદ મતદારોની સમસ્યાને દયાન આપવામાં આવી રહી નથી.

# સંતરામપુરમાં બિન સચિવાલય કલાર્ક પરીક્ષા શાંતિપૂર્વક માહોલમાં યોજાઈ



સંતરામપુર,
સંતરામપુરમાં બિન સચિવાલય કલાર્કની પરીક્ષા યોજવામાં આવેલી હતી. અલગ અલગ પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા યોજવામાં આવેલ મુરલીધર હાઈસ્કુલ જે.એચ.મહેતા હાઈસ્કુલ ભૂરા હાઈસ્કૂલ તમામ કેન્દ્રો પર શાંતિપૂર્વક માહોલમાં પરીક્ષા યોજવામાં આવેલી હતી. કાયદા અને નિયમો મુજબ સરકારનાં જાહેરનામા મુજબ પરીક્ષા કેન્દ્રના નજીક ચાલતા ઝેરોક્ષ સેન્ટર પોલીસ વિભાગ દ્વારા જાહેરનામુ નકલ કરીને તાત્કાલિક બંધ કરવામાં આવેલા હતા. મહિસાગર જિલ્લાના પોલીસવડા દરેક સેન્ટરો પર મુલાકાત લીધી હતી. પોલીસ બંદોબસ્ત સાથે પરીક્ષા કેન્દ્રો પર બિન સચિવાલયની પરીક્ષા યોજવામાં આવેલી હતી. સવારથી તમામ કેન્દ્રો પર ઉમેદવારોની ભારે ભીડ જોવા મળી હતી.

# કડાણા આરોગ્ય કેન્દ્રમાં તબીબોની ગેરહાજરીને લઈ દર્દીઓને હાલાકી

દિવડાકોલોની,
કડાણામાં આરોગ્ય કેન્દ્રનુ નિર્માણ થતાં લોકોમાં આશા બંધાય હતી કે હવે નિષ્ણાંત તબીબો સહિતની સુવિધાઓ તાલુકા મથકે મળશે પરંતુ કરોડોના ખર્ચે નિર્માણ પામેલ સરકારી હોસ્પિટલના ખાટલે મોટી ખોટ એટલે કે મોટે ભાગે તબીબો ફરજ દરમિયાન ગેરહાજર રહેતા દર્દીઓ હાલાકી ભોગવવા મજબુર બન્યા હતા. ત્યારે ભુતકાળમાં પણ તબીબોની ગેરહાજરીને લઈ વારંવાર કરવામાં આવતી રજુઆતને દયાને લેતુ આરોગ્ય વિભાગ શુક્રૂવારે રાત્રે બનેલી ઘટના બાદ આરોગ્ય મંત્રીના એક ફોનથી મોડીરાતે એકશનમાં આવ્યુ હતુ.

કડાણા રેફરલમાં નાના માછીવાડાના લતાબેન ખાંટના માથાનો ભાગ થ્રેસરમાં આવતા ૧૦૮ મારફતે સારવાર માટે લાવતા ફરજ દરમિયાન ડોકટર હરીશ ખાંટ ગેરહાજર રહેતાની પોલ ખુલ્લી હતી ત્યારે માત્ર એક નર્સ હાજર હોય ત્યારે આ અંગે કડાણા સરપંચ જયંતિભાઈ દ્વારા રાત્રે આરોગ્ય મંત્રી નિમીષાબેન સુથારનુ દયાન દોરતા મોડીરાત્રે તંત્ર સફાળુ એકશનમાં આવ્યુ હતુ. મામલો વધુ ઉગ્ર બને તે પહેલા દર્દીને તાત્કાલિક સારવાર મળે તે માટે મુનપુર મેડિકલ ઓફિસર સંજય પટેલને કડાણા ખાતે મોકલી દેવાયા હતા અને દર્દીને પ્રાથમિક સારવાર પુરી પાડવામાં આવી હતી. દર્દીને વધુ સારવાર માટે લુણાવાડા ખસેડવામાં આવ્યા હતા જયારે મંત્રી નિમીષાબેન દ્વારા આવી બેદરકારી દાખવતા તબીબ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની ખાતરી આપી જિલ્લા વિકાસ અધિકારીને આ અંગેનો રિપોર્ટ તૈયાર કરવાની કામગીરી સોંપવામાં આવી હતી.

# ધાનપુરના પીપરગોટા ગામે વોરંટ બજાવવા ગયેલ પોલીસ ઉપર પથ્થરમારો

દાહોદ,
દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના પીપરગોટા ગામે ચકચારી બનાવ સામે આવ્યો છે જેમાં પકડ વોરંટની બજવણી સારૂ આરોપીને પકડવા ગયેલ ધાનપુર પોલીસ પર ટોળાએ પથ્થરમારો કરી હુમલો કરતા કેટલાંક પોલીસ કર્મચારીઓને ઈજાઓ થઈ છે. ગત તા.૨૨મી એપ્રિલના રોજ ધાનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફરજ બજાવી રહેલ એ.એસ.આઈ. વિદેશકુમાર હિરાસિંહ ચૌહાણ સહિત તેમની સાથે અન્ય પોલીસ કર્મચારીઓ પકડ વોરંટની બજવણી સારૂ આરોપી બાબુભાઈ અપ્પુભાઈ વાખળાને પકડવા પીપરગોટા ગામે ગયા હતા. આ દરમિયાન પીપરગોટા ગામે રહેતો આરોપી બાબુભાઈ બાળખા તથા તેની સાથે નરવતભાઈ વાખળા, વનરાજભાઈ બાબુભાઈ વાખળા, તથા તેમની સાથે અન્ય ઈસમોના ટોળાએ હાથમાં મારક હથિયારો જેવા કે, પથ્થરો, લાકડીઓ, ગોફણો વગેરે હથિયારો ધારણ કરી ઉપરોકત પોલીસ કર્મચારીઓ પાસે આવ્યા હતા અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, અમારા ઘરે કોર્ટના કાગળો લઈ કોઈને પકડવા આવ્યા છો તો તમોને મારીને જંગલમાં ફેંકી દઈશુ, તેમ કહી કર્મચારીઓ પર હુમલો કરી પથ્થર મારો કરી લાકડીઓ વડે માર મારી પોલીસ કર્મચારીઓને શરીરે, હાથે, પગે ઈજાઓ પહોંચાડી પોલીસ કર્મચારીઓની સરકારી કાયદેસરની કાર્યવાહીમાં રૂકાવટ ઉભી કરી ભારે ધિંગાણુ મચાવતા પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

આ ઈજાગ્રસ્ત પોલીસ કર્મચારી વિદેશકુમાર હિરાસિંહ ચૌહાણે ઉપરોકત ઈસમોના ટોળા વિરુદ્ધ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તમામ ઈસમોના ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

# ફતેપુરાના સકવાડાના ૨૦ વર્ષિય યુવાનનો કરંટ લાગવાથી મોત નીપજેલ મૃતદેહ મળી આવ્યો

સુખસર,
ફતેપુરા તાલુકાના સકવાડાના ૨૦ વર્ષિય યુવાનની લાશ કરંટ લાગવાથી મોત નીપજેલ હાલતમાં લખણપુર સબ સ્ટેશન બાજુથી મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. ફતેપુરા તાલુકાના લખણપુર જાંબાસર ફળિયાના ઈલેક્ટ્રીક સબ સ્ટેશન પાસે વીજથાંભલા પાસે વીજ કરંટ લાગવાથી મોતને ભેટેલ કોઈક યુવાનની લાશ હોવાની સ્થાનિક લોકોને જાણ કરતા તેની જાણ સુખસર પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી હતી. જેથી તાબડતોડ સુખસર પોલીસ સ્થળ ઉપર પહોંચી તપાસ કરતા મૃતકના ખિસ્સામાંથી મોબાઈલ ફોન મળી આવ્યો હતો જેના આધારે તપાસ કરતા આ લાશ ફતેપુરા તાલુકાના સકવાડા ગામના ગરાસિયા ફળિયામાં રહેતા ૨૦ વર્ષિય રાજુભાઈ રમેશભાઈ ગરાસિયાની હોવાનુ બહાર આવતા તેના વાલીવારસોને જાણ કરતા મૃતકના પરિવારજનો ઘટના સ્થળે આવ્યા હતા.

# મહિસાગર જીલ્લામાં રૂપીયા ૧૦ ના ચલણી સિકકાનો અસ્વીકાર કરવા બાબતે જીલ્લા કલેકટરને રજુઆત

લુણાવાડા,
મહિસાગર જીલ્લામાં લુણાવાડા સહિતના તાલુકાઓમાં વેપારીઓ દ્વારા રૂપીયા ૧૦નો ચલણી સિકકો સ્વીકારવામાં આવતો ન હોય તેવી લેખિત રજુઆત જીલ્લા કલેકટરને કર્યા બાદ પોલીસે ચલણી સિક્કા ન સ્વીકારતા વેપારી સામે કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરાઈ છે.

મહિસાગર જીલ્લા અને લુણાવાડામાં રૂપીયા ૧૦નો ચલણી સિકકો કોઈપણ વ્યકિતઓ, વેપારીઓ દ્વારા સ્વીકારવામાં આવતો નથી. રૂપીયા ૧૦નું ભારતીય ચલણી સિક્કા રીઝર્વ બેંક દ્વારા પ્રસિદ્ધ કરેલ છે. સર્વોચ્ચ બેંકના ગર્વનર થી માન્યતા પામેલ ચલણ છે. દેશના કોઈપણ નાગરિક દ્વારા અસ્વીકાર કરવો કે તેનું અવમુલ્યન અપમાનને ગંભીર ગુનો બનતો હોય તેમ છતાં લુણાવાડા બસ સ્ટેશન સામે કિશન દાબેલીના માલિક દ્વારા રૂપીયા ૧૦ના સિકકાનો અસ્વીકાર કરવામાં આવી રહયો છે. સાથે અન્ય વેપારીઓ અને નાગરિકો પણ રૂપીયા ૧૦ના સિક્કાનો અસ્વીકાર કરી રહ્યા હોય આ બાબતે ગોધરા તાલુકાના ભલાણીયા ગામના ગોપાલભાઈ પટેલ દ્વારા મહિસાગર જીલ્લા કલેકટર સહિતને લેખિત રજુઆત કરવામાં આવી છે અને મહિસાગર જીલ્લામાં રૂપીયા ૧૦ના ચલણી સિકકા અસ્વીકારવા બાબતે ટીમો દ્વારા તપાસ કરાવવામાં આવે તો અનેક આવા વેપારીઓ અને નાગરિકો સામે આવે તેમ છે. તેવી રજુઆત કરવામાં આવી છે.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની સંભાવના રહેલી છે. ગ્રહોમાં ફેરફારના કારણે સ્વભાવમાં થોડું ચિડિયાપણું આવી શકે છે.

વૃષભ : આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત રહેશે. પરંતુ સારા પરિણામ મળવાથી થાકનો અનુભવ નહીં થાય. સંતાન સુખમાં વૃદ્ધિ થશે અને ક્યાંકથી વસ્ત્રાદીની ભેટ મળશે. ઉત્તમ મિત્રોના સહયોગથી મનમાં નિરાશાનો ભાવ સમાપ્ત થશે.

મિથુન : આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. ધર્મ-કર્મ પ્રત્યે આસ્થા વધશે. સંપત્તિના સુધાર તથા સારસંભાળમાં ખર્ચ વધશે. આજના દિવસમાં કેટલાક નજીકના મિત્રો તથા સંબંધીઓનું આગમન થઈ શકે છે.

કર્ક : આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે. કોઈ વડીલ તરફથી આશિર્વાદમાં ધનની પ્રાપ્તિ થઈ શકે છે.

સિંહ : આજ કાર્યક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાર્યોમાં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે. ક્રોધથી બચો, ક્યાંક જીવનસાથી સાથે વૈચારિક મતભેદો ઊભા ન થાય.

કન્યા : આજનો દિવસ તમારા કાર્યક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કોઈ ગેરસમજના કારણે ઓફિસમાં સહયોગીઓ સાથે વિવાદ થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મુશ્કેલી અને મહેનત વધારે રહેશે.

તુલા : ગણેશજી કહે છે, ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાર્યક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે. આવકમાં વૃદ્ધી થશે. બૌદ્ધિક કાર્યો તથા લેખન વગેરેથી પણ આવક થશે. ક્રોધથી બચો. સંતાન પક્ષને પણ ઉચ્ચ શિક્ષા અને શોધ વગેરેમાં સાર્થક પરિણામ મળશે.

વૃશ્ચિક : આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. પ્રત્યેક કામમાં પડકારો અને અડચણો આવી શકે છે. અકસ્માતે બિનજરૂરી ખર્ચ વધી શકે છે. જો તમે નોકરીમાં છો તો અધિકારીઓનો સહયોગ મળશે.

ધનુ : આજે ગ્રહો જણાવી રહ્યા છે કે આજે તમારા ઘરમાં કોઈ શુભ કાર્યના આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે. ખાસ મિત્રોના સહયોગથી વ્યવસાયના નવા સ્ત્રોત બનશે. આવક વધશે, અચાનક મોટા પ્રમાણમાં રૂપિયા હાથમાં આવવાથી મનોબળ વધશે.

મકર : આજે તમારા ભાગ્યનો ઉદય, ધન, ક્રમ, કીર્તિની વૃદ્ધિ, શત્રુ ચિંતાઓનું દમન થશે. સર્વત્ર વિજય, સફળતાની પ્રાપ્તિ, હર્ષ મંગળમય પરિવર્તન અને મનોરથ સિદ્ધ થવાથી પ્રસન્નતા રહેશે.

કુંભ : આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. માતાનું સાનિધ્ય અને આશિર્વાદ ખાસ રીતે ફળદાયી રહેશે. ઘણા સમયથી રોકાયેલું ધન કોઈ મહાપુરૂષના સહયોગથી પ્રાપ્ત થઈ જશે. આવું થવાના કારણે તમને આનંદની સાથે ઉત્સાહની પ્રાપ્તિ થશે.

મીન : આજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. રહેણી-કરણી અને ખાન-પાનનું સ્તર વધશે. નવા સુંદર વસ્ત્રો પ્રત્યેત તમારું ખેંચાણ વધશે. શકય છે કે શોપિંગ માટે પણ જઈ શકો છો.

# આધુનિક સમયમાં વૈદિક ગણિતનો શ્રેય શ્રી ભારતી કૃષ્ણ તીર્થજી મહારાજને જાય છે : વડાપ્રધાન



નવીદિલ્હી,
વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે મન કી બાતના ૮૮મા એપિસોડ દ્વારા દેશવાસીઓને સંબોધિત કર્યું હતું કાર્યક્રમની શરૂઆતમાં તેમણે વડાપ્રધાનના સંગ્રહાલયનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે આ મ્યુઝિયમ લોકોને ઘણી નવી માહિતી આપે છે. તેમણે કહ્યું કે દેશના પૂર્વ પીએમની માહિતી માટે આ સમય ખૂબ જ અનુકૂળ છે કારણ કે આપણે આઝાદીનો તહેવાર મનાવી રહ્યા છીએ.

તેમણે લોકોને કેટલાક પ્રશ્નો પણ પૂછ્યા અને કહ્યું કે તેમના જવાબ નમો એપ પર આપવાના રહેશે. તેણે કહ્યું કે ચાલો જોઈએ કે તમને તમારા દેશ વિશે કેટલી માહિતી છે. તેમણે પોસ્ટેજ સ્ટેમ્પ સંબંધિત દેશમાં હાજર સંગ્રહાલયો અને રેલ સંગ્રહાલયો વિશે પણ પ્રશ્ન કર્યો, જ્યાં તેમની સંપૂર્ણ માહિતી ઉપલબ્ધ છે. પીએમ મોદીએ કહ્યું કે આવનારા દિવસોમાં જયારે કોઈ મ્યુઝિયમની મુલાકાત લે તો તેને દેશવાસીઓ સાથે શેર કરો. આ દરમિયાન પીએમ મોદીએ સાગરિકા અને પ્રેક્ષાનો ઉલ્લેખ કર્યો, જેમણે ટ્રાન્ઝેક્શનમાં બધું જ ડિજિટલી કર્યું. તેમણે કહ્યું કે તેમને દિલ્હીમાં દરેક જગ્યાએ આ સુવિધા મળી છે. તેણે આનંદિતા વિશે પણ ઉલ્લેખ કર્યો જે ગાઝિયાબાદની છે. આનંદિતાએ પીએમ મોદી સાથે નોર્થ ઈસ્ટની મુલાકાતનો ઉલ્લેખ કર્યો અને ડિજિટલ પેમેન્ટ કરવા વિશે માહિતી આપી. તેથી કેશલેસ તરફ આગળ વધો. ભીમ યુપીઆઈનો ઉલ્લેખ કરીને પીએમ મોદીએ લોકોને તેની તરફ આગળ વધવા વિનંતી કરી. તેણે કહ્યું કે આ માટે તમારા ખિસ્સામાં પૈસા રાખવાની જરૂર નથી.

આના કારણે દેશમાં એક વિશાળ ડિજિટલ અર્થતંત્રનું નિર્માણ થયું છે. આ દરમિયાન ૨૦ લાખ કરોડ સુધીના ડિજિટલ વ્યવહારો થયા છે. તેમણે લોકોને આ દિશામાં પોતાનો અનુભવ શેર કરવાની અપીલ પણ કરી હતી. તેમણે વિકલાંગો માટે એક આર્ટ ગેલેરીનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે તેમના ચિત્રો વિષયોની વિશાળ શ્રેણીને સ્પર્શે છે. તેમણે કહ્યું કે જો તમે આવી કોઈ વિકલાંગ વ્યક્તિને ઓળખતા હોવ તો તેમની પ્રતિભાને ખીલવવાનું કામ કરો. આ કાર્યક્રમમાં તેમણે પાણીની ઉપયોગીતા અને અછતનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે દેશ અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે જેમાં ૭૫ અમૃત સરોવર બનાવવામાં આવશે. તેમણે કહ્યું કે આના પર કામ શરૂ થઈ ગયું છે. આ દરમિયાન રામપુરની એક ગ્રામ પંચાયતનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે ગંદકીથી ભરેલા તળાવનું ફરીથી સમારકામ કરવામાં આવ્યું છે.

તેમણે પાણી બચાવવા પર વધુ ભાર મૂક્યો અને કહ્યું કે આપણે સૌની જવાબદારી છે કે આપણે તેનું જતન કરીશું. સિંધુ અને હડપ્પન સંસ્કૃતિનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે તે સમયે જળ સંરક્ષણ અંગે ઘણી જાગૃતિ હતી. પણ આજે એવું નથી. તો જળ સંરક્ષણ સાથે જોડાઓ અને તમારા જિલ્લાની ઓળખ બનો. મધ્યપ્રદેશની ભીલ જાતિનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે તેમની હલના પદ્ધતિ દ્વારા માત્ર જળ સંરક્ષણ સુનિશ્ચિત કરવામાં આવ્યું નથી, પરંતુ પાણીનું સ્તર પણ વધ્યું છે. આ દરમિયાન પીએમ મોદીએ પરીક્ષા અંગે પણ ચર્ચા કરી હતી. તેમાં ગણિતનો ઉલ્લેખ કરીને તેમણે શૂન્યની શોધનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે જો આપણે શૂન્યની શોધ ન કરી હોત તો આજે કંઈ જ ન થાત. તેમાં દરેકનું યોગદાન છે. પીએમ મોદીએ કહ્યું કે થોડા સમય પહેલા તેમણે ઈન્ટેલના સીઈઓ વિશે પણ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે ગણિત ભારતીયો માટે ક્યારેય મુશ્કેલ નથી રહ્યું. વૈદિક ગણિતનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે આ દ્વારા લાંબી ગણતરીઓ પણ ચપટીમાં કરી શકાય છે. તેમણે કોલકાતાના ગૌરવનો ઉલ્લેખ કર્યો, જેમણે વૈદિક ગણિત પર ઘણું કામ કર્યું છે. તે વીસ વર્ષથી આ કામમાં છે. તેઓ તેને શાળાઓમાં જઈને અને ઓનલાઈન દ્વારા સામાન્ય લોકો સુધી લઈ જઈ રહ્યા છે. પીએમ મોદીએ વૈદિક ગણિત અપનાવવા અને શીખવાની અપીલ કરી. તેમણે કહ્યું કે આનાથી મગજની શક્તિ પણ વધશે. કાર્યક્રમના અંતે તેમણે લોકોને કોરોનાથી બચવાના ઉપાયો અપનાવતા રહેવાનો પણ ઉલ્લેખ કર્યો.આપને જણાવી દઈએ કે મન કી બાત વડાપ્રધાનનું માસિક રેડિયો સંબોધન છે, જે દર મહિનાના છેલ્લા રવિવારે પ્રસારિત થાય છે. સવારે ૧૧ વાગ્યે. મન કી બાતનો પ્રથમ એપિસોડ ૩ ઓકટોબર ૨૦૧૪ના રોજ પ્રસારિત થયો હતો.

**દાહોદ આવૃત્તિ**
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

**પંચમહાલ સમાચાર**

# દે.બારીયા-ધાનપુર તાલુકામાં ડીજે સિસ્ટમવાળાને કોપી રાઈટના લાઈસન્સ માટે ખાનગી કંપનીની થતી ખોટી હેરાનગતિ

દાહોદ,

કોરોના વાઈરસની મહામારીમાં છેલ્લા બે વર્ષ થી લોકડાઉનમાં અટકી પડેલા લગ્નો ચાલુ સાલે જોરશોરમાં થઈ રહ્યા છે. દાહોદ જિલ્લામાં દિવાળીના તહેવાર પછી તરતજ લગ્ન સીઝનની શરૂઆત થઈ ચુકી હતી અને ફરીથી કદાચ પાછુ પણ લોકડાઉન આવશે તેવી બીકે ગામડામાં લોકોએ છોકરા–છોકરીની સગાઈ કરી અને ઘડિયા લગ્નો ગોઠવી દેતા હોય છે. દાહોદ જિલ્લામાં દેવગઢબારીયા, લીમખેડા, ધાનપુર સહીતના તમામ તાલુકામાં હાલમાં લગ્નસરાની મોસમ જામી છે. ગામડાના લોકોને હવે ડીજે સિસ્ટમનું ઘેલું લાગતા દેશી ઢોલ વાજા શરણાઈ વાળા બેકાર બન્યા છે.

દાહોદ જિલ્લાનું કોઈ એવું ગામ નહીં હોય કે, જે ગામમાં ડીજે સિસ્ટમ નહીં હોય. સરકારી ગાઈડલાઈન પ્રમાણે ડીજે સંચાલકોએ અવાજની માત્રામાં ડીજે સાઉન્ડ, વગાડવાનું હોય છે. જે ડીજે સિસ્ટમ છે તેના ઓપરેટર દ્વારા વગાડવામા આવતા ગીત (સોન્ગ)જેતે કંપનીના કોપી રાઈટ એક્ટ મુજબ લાયસન્સ લીધેલ હોવું પણ જરૂરી છે. જો કોઈપણ ડીજે સંચાલક પાસે કોપી રાઈટનું લાયસન્સ નહીં હોય ત્યારે કોપી રાઈટ એક્ટ ભંગ મુજબ ગુન્હો બનતો હોય છે અને જેતે કંપનીના વાગતા ગીતો પકડાઈ જતા તેની ઉપર કાનૂની કાર્યવાહી કંપની મારફત કરાતી હોય છે.

પરંતુ આ વિસ્તારમાં જેટલાં પણ ડીજે સિસ્ટમ છે તેમની પાસે માત્ર ગુજરાતી ગામઠી ગીત, ટીમલી ગીતો લગ્નોમાં વાગતા હોય છે અને જે ગીતના ગીતકાર અને કલાકારો પણ આ વિસ્તારના સ્થાનિક હોય છે અને આ કલાકારોની કોઈ રોયલ્ટી કોઈ કંપની એ ચૂકવવા માટે એગ્રીમેન્ટ કરેલ નથી. હાલમાં સુરત તરફની કોઈ ખાનગી કંપની આ વિસ્તારમાં ડીજે વાળાઓને ધમકી આપી કોપી રાઈટનું લાયસન્સ લેવા વધારે રૂપિયા પડાવી રહી છે. જયારે આ કંપનીના કોઈજ ગીતો આ વિસ્તારમાં ડીજે ઉપર વગાડવામાં આવતા નથી. આ કંપનીના ખાનગી કર્મચારીઓ ડીજે સંચાલકોને પોલીસ કેસ કરવા માટેની ધમકી આપતાં હોય છે. જેને લઈ આદિવાસી વિસ્તારના ડીજે વાળાઓ કોપી રાઈટના લાઈસન્સ માટે ફોર્મ ભરી દેતા હોય છે. આ કંપની એ પોતાના સોન્ગ વગાડવા માટે આપવું જોઈએ અથવા અહીંયા જે ગીતો ધૂમ મચાવી રહ્યા છે. તે કલાકારોને રોયલ્ટી ચૂકવી આ ગીતો ખરીદી લેવા જોઈએ. અહીંયાના કોઈપણ ગીતો ખરીદ્યા નહીં હોવા છતાંય ખોટી રીતે પજવણી કરી ડીજે સંચાલકોને હેરાનગતિ થઈ રહી છે.

સરકારના સંગલગ્ન તંત્ર દ્વારા આવી બોગસ કંપની વાળાઓ સામે ખંડણીની માંગણીની યોગ્ય તપાસ કરી કાયદેસરના પગલાં લેવાય તે જરૂરી છે.

# દે.બારીયા સરકારી હોસ્પિટલના ડાયાલીસીસના લાભાર્થીઓને રૂા.૩૦૦/-ની સહાયથી કેમ વંચિત રાખવામાં આવે છે ???

દે.બારીયા,

મંત જયદીપસિંહજી સુભદ્રસિંહજી ચૌહાણ સરકારી હોસ્પિટલ સને ૧૯૨૯ થી કાર્યરત થયેલો રાજવી સમયકાળ થી કાર્યરત થઈ લોકો માટે ખુબ જ લાભદાયી પુરવાર થયું છે પરંતુ હાલમાં આ સરકારી હોસ્પિટલમાં હદ અને શરમ વગરની લાલીયાવેડી ચાલુ થઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હાલના ડાયાલીસીસ વિભાગના લગભગ ૪૦ જેટલા લાભાર્થીઓને છેલ્લા નવ માસના રૂા.૩૦૦/–ની સહાય ચુકવણી કરવામાં આવી નથી. આ સહાયના ગ્રાન્ટના નાણાં ક્યાં વાપરી નાખ્યા છે. તે કોઈપણ જવાબદાર કર્મી બોલવા તૈયાર નથી. માર્ચ ૨૨–૨૩ ગ્રાન્ટ ૧૨ લાખ આવ્યા હતા. તે રકમ ડાયાલીસીસના દર્દીઓની સહાયની ચુકવણીના હતા. તે ક્યાં ગયા તે તપાસનો વિષય છે. પેશન્ટો આ રૂા.૩૦૦/–ની સહાય પેટે નવ માસના બાકી છે. તેના અને એક ડાયાલીસીસના દર્દી મુજબ ૪૫ થી ૪૭ હજાર રૂપીયા થાય છે. આના વિશે પૂછે છે તો સરકારી હોસ્પિટલના કોઈપણ હાજર કર્મીઓ ઉડાઉ જવાબો આપતા હોય છે. તેમજ ડાયાલીસીસ કરાવનાર દર્દીઓને ડાયાલીસીસ કરાવતા પહેલા અથવા પછી કોઈપણ પ્રકારનો નાસ્તો અથવા ચા, બિસ્કીટ સુધ્ધા આપવામાં આવતા નથી શું ? આ દર્દીઓનો ખર્ચ ક્યાં વાપરવામાં આવે છે. તે કોઈ જાણતું નથી. જેથી લાગતા વળગતા જીલ્લાના આરોગ્યના પદના અધિકારીઓ અને રાજ્યના આરોગ્યના સચિવઓ ડાયાલીસીસના લાભાર્થીઓના હકકના નાણા ક્યારે મળશે તેની તપાસ કરશે ખરા તેમજ સ્ટેટ વિજીલન્સ વિભાગ આ અંગે તટસ્થ તપાસ શરૂ કરીને ગરીબ લાભાર્થીઓના હકકની સહાય સગેવગે થતા પહેલા મળે તેના માટે પગલા ભરશે તો આવનારો સમય બતાવશે આ લાખ્ખોની સહાયની રકમ વગે કરનારાને કાનૂની રાહે સજાને પાત્ર ઠેરવવામાં આવશે.. ખરાં ? તેવું લાભાર્થીઓમાં ચર્ચાઈ રહ્યું છે.

# મહુડી ગામે અસામાજીક તત્ત્વોએ ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં દારૂની મહેફીલ માણી

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના મહુડી ગામે કેટલાક અસામાજીક તત્વોએ દારૂના નશામાં છાટકા બનીને વિદ્યાના મંદિરમાં દારૂનું સેવન કર્યા બાદ કાચની બોટલો શાળાના ઓરડામાં તેમજ ગેલેરીમાં ફોડી શાળાના ઓરડામાં વિખેરાયેલા દારૂની કાચની કાચની બોટલોના ટુકડા જોવા મળતા શાળાના સંચાલકો તેમજ આસપાસના સ્થાનિકોએ પોલીસ મથકે જાણ કરીછે.

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં આવેલ મહુડી ગામની ઉચ્ચતર માધ્યમિક શાળામા શાળાની રજાના દિવસે કેટલાક અસામાજીક તત્વોએ શાળાની પ્રિમાઈસીસમા પ્રવેશ કરીને દારૂની પાર્ટી માણી શાળાના ઓરડા તેમજ શાળાની ગેલેરી તેમજ ઓટલા પર દારૂની ખાલી બોટલો ફોડી વિદ્યાના મંદિરમા સમાજને ના શોભે તેવુ કૃત્ય કરી જતા રહ્યા હતા. ત્યાર બાદ આજથી શાળામા પરીક્ષા શરૂ થતી હોવાના કારણે શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ શાળામા પહોંચ્યા બાદ શાળા પરિસરમાં દારૂની ખાલી બોટલો ફુટેલી હાલતમાં શાળા પરિસરમા વેરવિખેર થયેલ જોવા મળતા સૌ કોઈ સ્તબ્ધ બની ગયુ અને આ બનાવ અંગેની જાણ ગામના સરપંચ અને ઉપસરપંચ તેમજ બીટીપીના કાર્યકર્તાઓ તેમજ સામાજીક કાર્યકર્તાઓ ભેગા થઈ મહુડી તેમજ હડમત ખુટા ગામના લોકોને ભેગા કરી સમગ્ર મામલાની જાણ ઝાલોદ પોલીસને કરતા ઝાલોદ પોલીસ સમક્ષ ગામના આગેવાનો દ્વારા દોષીતોને પકડી કડકમાં કડક કાર્યવાહી કરવા માટેની રજુઆતો કરવામાં આવી હતી. તેમજ ઉપરોક્ત ભેગા થયેલા લોકોએ શાળાની સમિતિની રચના કરવા શાળાની ફરતે દિવાર બનાવવા વોચમેન મુકવા શાળામાં તુટેલા નવા કરવા શાળાનો ઓટલો બનાવવા તેમજ શાળાને કલર કરવા માટેની ચર્ચાઓ કરવામાં આવી હતી.

# સંજેલીમાં સ્વર્ગસ્તની પૂણ્યતિથીએ નિઃશુલ્ક બોડી ચેકઅપ કેમ્પ યોજાયો


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી,

સ્વ.નગીનદાસ અંબાલાલ પંચાલ સંજેલીની વાર્ષિક પુણયતિથિ નિમિતે તેમના પરિવાર દ્વારા નિઃશુલ્ક બોડી ચેક અપ કેમ્પ અને સદ્દગતના આત્માને શાંતિ મળે તે ભાવ સાથે મદયપ્રદેશના ખેડાપતિ સુંદરકાંડ મંડળ સાજપુરના પ્રકાશજી સૂર્યવંશીના સમધૂર કંઠે સુંદરકાંડ પાઠનું રસપાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામજનો, સ્નેહીજનો સગા સબંધીઓ મોટી સંખ્યામાં સુંદર કાંડ પાઠમાં જોડાઈ સ્વ.નગીનદાસ પંચાલના દિવ્ય આત્માને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરી હતી. પરિવાર દ્વારા ચા–નાસ્તો અને ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

# દાહોદ રેલ્વે વિભાગ સ્ટેશન હદ વિસ્તાર માંથી ગેરકાયદેસર દબાણો ઉપર બુલડોઝર ફેરવ્યું


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ રેલ્વે વિભાગ તંત્ર દ્વારા આજરોજ રેલ્વે સ્ટેશનની હદમાં આવેલ ગેરકાયેદસર દબાણ કર્તું એક મકાનને બોલડોઝર મારફતે તોડી પાડવામાં આવ્યું હતું. રેલ્વે તંત્રની હદમાં આવેલ આ મકાનને તોડી પાડવા માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે રેલ્વેના અધિકારીઓ ઉપસ્થિત રહી મકાનને તોડી પાડી દબાણ દુર કર્યું હતું.

દાહોદમાં પ્રધાનમંત્રી મોદીના આગમન સાથે રેલ મંત્રી અને રેલ રાજ્ય મંત્રી પણ પધાર્યાં હતાં અને વડાપ્રધાન મોદી દ્વારા રેલ્વેના વિકાસ માટે અનેકવિધ જાહેરોત પણ કરી હતી. ત્યારે આજરોજ દાહોદ રેલ્વે વિભાગ દ્વારા દાહોદ શહેરમાં રેલ્વે લાઈનની બાજુમાં આવેલ એક મકાનને તોડી પાડવામાં આવ્યું હતું. જાણવા મળ્યાં અનુસાર, આ મકાન રેલ્વે વિભાગની જમીનની હદમાં આવતુ હતું અને તેનો કેસ ગુજરાત હાઈકોર્ટમાં પણ ચાલતો હતો અને સ્ટે પણ મુકાવામાં આવ્યો હતો. ગુજરાત હાઈકોર્ટમાં આ કેસનો નિર્ણય રેલ્વે વિભાગમાં આવતાં અને રેલ્વે આ કેસ જીતી જતાં આજરોજ દાહોદ રેલ્વે અધિકારીઓ બુલડોઝર લઈ મકાનને દુર કરવા પહોંચી ગઈ હતી. કોઈ અનીચ્છીય બનાવ ન બને તે માટે ચાંપતો પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો હતો. ગેરકાયદે અને રેલ્વેની જમીનમાં આવેલ આ મકાનને બુલડોઝર મારફતે તોડી પાડવામાં આવ્યું હતું.


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ગરબાડા તાલુકાના ગુગરડી ગામે રોહિત સમાજ દ્વારા પ.પૂ. મહંત શ્રી કલ્યાણ દાસ સાહેબના વરદહસ્તે આનંદીચૌકા આરતી રાખવામાં આવી હતી. જેમાં ગુરૂ રવિદાસ વિશ્વમહા પીઠ દાહોદ જિલ્લાના પ્રમુખ કિરણ સિંહ ચાવડા, મહંત શ્રી કલ્યાણ દાસ સાહેબને બંદગી કરતા દ્રશ્યમાન થાય છે. ગુગરડીગામના અમીચંદભાઈ, કાંતિભાઈ, વેચાતભાઈ, કચરાભાઈ, રમેશભાઈ, પ્રકાશભાઈ તથા સમગ્ર ચાવડા પરિવાર સફળતા માટે જહેમત ઉઠાવી હતી.

# ગરબાડાના ભરસાડા ગામે બે બાઈકો વચ્ચે અકસ્માતમાં એક વ્યકિતનું મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ભરસડા ગામે બે મોટરસાયકલ સામસામે ભટકાતાં એક વ્યકિતનું સારવાર દરમિયાન મોત નીપજ્યાં છે. જ્યારે બે થી વધુ વ્યકિતઓને ઈજાઓ થતાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

ગત તારીખ ૨૨મી એપ્રિલના રોજ એક મોટર સાયકલના ચાલકે પોતાના કબજાની મોટરસાયકલ પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી પસાર થઈ રહેલી ગરબાડા તાલુકાના ભીલવા (આંબાવાડી) ગામે રહેતા રમેશભાઈ ગોવિંદભાઈ પરમારને મોટરસાઈકલને અડફેટમાં લેતા રમેશભાઈ તથા તેમની મોટર સાયકલની પાછળ બેઠેલ મહેશભાઈ ગલીયાભાઈ પરમાર અને રાજેશભાઈ પરમાર એમ ત્રણે જણા મોટર સાયકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયા હતા. જેને પગલે રાજેશભાઈ ગલીયાભાઈ પરમાર અને શરીરે હાથે–પગે તેમજ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેમને તાત્કાલીક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં રાજેશભાઈનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય ઈજાગ્રસ્તોને સારવાર હેઠળ નજીકના દવાખાને ખસેડવામાં આવ્યા હતા.

આ સંબંધે ઈજાગ્રસ્ત રમેશભાઈ ગોવિંદભાઈ પરમાર દ્વારા ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દેવગઢબારીયા પાલિકા તંત્ર દ્વારા આકસ્મિક રીતે કરવેરામાં વધારો કરી દેતા આમઆદમી પાર્ટી દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું



દાહોદ,

પ્રાપ્ત વિગતો મુજબ દેવગઢ બારીયા નગરપાલિકા દ્વારા દિવાબત્તી, પાણી, સફાઈના વેરાને લઈ સામાન્ય સભામાં ઠરાવ કરી સો ટકા જેટલો વેરાનો ઘરખમ વધારો કરતા નગરજનો ઉપર વધુ એક બોજ જાણે પાલિકાએ ઠોકી દીધો હોઈ તેમ જોવાઈ રહ્યું છે. ત્યારે દિવાબત્તીનો જુનો વેરો રૂપિયા ૧૨૦ હતો. જે વધીને૨૪૦, પાણીનો જુનો વેરો રૂપિયા ૬૦૦ હતો જે વધીને ૯૦૦ રૂપિયા બીન રહેણાંકમાં જુનો પાણીનો વેરો ૧૦૦૦ હતો. જે વધીને રૂપિયા ૧૨૦૦ જયારે સફાઈમાં જુનો ૧૨૦ રૂપિયા જે વધીને ૨૪૦ અને બિનરહેણાંકમાં જૂનો ૨૪૦ રૂપિયા વેરો જે વધીને ૩૬૦ રૂપિયા વેરો પાલિકાએ જાહેર કરતા વધેલા વેરાને લઈ આમ આદમી પાર્ટી દ્વારા પાલિકાના વેરા વધારાને કારણે એક તરફ ત્રણ વર્ષથી કોરોનાની મહામારીને લઈ હજી તેની આડ અસર વર્તાઈ રહી છે. જેમાં હજી પણ નાના–મોટા વેપારીઓ તેમજ મજૂર વર્ગ અને મદયમવર્ગના લોકો આ કોરોના કાળ ની આ મહામારી ની વિપરીત અસર માંથી હજી બહાર આવ્યા નથી અને કેટલાક નાના વેપારીઓના વેપાર–ધંધા બંધ થઈ ગયા છે. તેવી પરિસ્થિતિમાં આવકના સ્ત્રોતો પર મોટો ઘટાડો જોવાઈ રહ્યો છે. જેને લઈ નગરજનો પર પાલિકા તંત્ર દ્વારા વેરા નામે વધુ એક ભાર મુકતા આમ આદમી પાર્ટી દ્વારા આ વેરા વધારાનાનો વિરોધ નોંધાવી પાલિકા ચીફ ઓફિસરને નવો વધારેલો વેરો પરત ખેંચવા માટે લેખિત આવેદનપત્ર આપવામાં આવ્યુ છે અને તેમ છતાં જો આ ઘરખમ વધારેલા વેરા પરત ખેંચવામાં નહીં આવે તો તારીખ ૦૧ મે ના રવિવારના ગુજરાત સ્થાપના દિનના રોજ ગાંધી ચિંધ્યા માર્ગે જવાની ચીમકી ઉચ્ચારી છે. ત્યારે પાલિકાના આ નગરજનો ઉપર ઘરખમ વધારેલો વેરો પાલિકાતંત્ર પરત ખેંચસે કે કેમ તે નગરજનો એ જોવાનું રહ્યું.

# ગરબાડાના પોલીસ મથકમાં દારૂમાં પકડાયેલ તુફાન ગાડીની ગણતરીના કલાકોમાં બુટલેગરોએ ગાડીની ચોરી કરી

- આજે એક માસ બાદ પણ ગાડી અને આરોપીને પકડવામાં પોલીસ નિષ્ફળ.
- હાલમાં પણ શોધખોળ ચાલુ પણ પરિણામ નહીં.
- ૩૦૦૦૦૦ ની તુફાન જીપ અને રૂપિયા ૨૬૪૦૦ નો દારૂ મળી કુલ રૂપિયા ૩૨૬૪૦૦ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

ગરબાડા,

ગરબાડામાં આજથી એક માસ પહેલા દારૂમાં પકડાયેલ એક તુફાન જીપ પોલીસ કમ્પાઉન્ડમાં રાત્રિના સમયે પાર્ક કરવામાં આવી હતી પરંતુ ગણતરીના કલાકોમાં જ બુટલેગરો આ તૂફાન જીપને પોલીસ મથક માંથી ઉપાડી રફુચક્કર થઈ ગયા હતા. જે વાતને આજે એક માસનો સમય વીતવા બાદ પણ તુફાન જીપ અને આરોપીને પકડવામાં સતત પ્રયત્નશીલ હોવા છતાં પોલીસને સફળતા ન મળી હોવાનું જોવા મળી રહ્યું છે.

તારીખ ૨૩મી માર્ચ ના રાત્રિના ગરબાડા તાલુકાના પાટીયાઝોલ ગામે તુફાન ગાડી દારૂ ઉતરવા આવી હતી જેની બાતમી મળતા પોલીસે તુફાન ગાડી નંબર જી.જે.૧૭.બી.એન.૦૭૦૬માં રૂપિયા ૨૬,૪૦૦/–નો દારૂ તથા હેરાફેરી કરવામાં ઉપયોગમાં લીધેલ તુફાન ગાડીની કિ.રૂ.૩,૦૦,૦૦૦ મળી કુલ કિ.રૂ.૩,૨૬,૪૦૦ નો મુદ્દામાલ કબજે કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી અને કબજે કરેલ તુફાન ગાડી પોલીસ કમ્પાઉન્ડમાં પાર્ક કરી હતી. મોડી રાત્રીના પોલીસ કંપાઉન્ડમાં પાર્ક કરેલી આ તુફાન ગાડીને પોલીસથી છટકીને ફરાર થયેલા અલીરાજપુરના સણદા ગામના શોભાન છત્રસિંહ ગણાવા એ રાકેશ અને રવજીને બોલાવ્યા હતાં. આ સાથે પાટીયાઝોલના અનીલ લલુ ભુરિયાને પોતાની સાથે ભેળવીને ચારે જીપની ડુપ્લીકેટ ચાવી લઈને ગરબાડા પોલીસ મથકે આવ્યા હતાં. રાતના પોલીસ મથકના પ્રાંગણમાં પ્રવેશ કરીને ડુપ્લિકેટ ચાવીથી જીપ ચાલુ કરીને ફિલ્મી ઢબે પોલીસ મથકના મુખ્ય દરવાજાને ટક્કર મારીને તોડવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, તે ખુલી જતાં ચારે જીપ લઈને રવાના થયા હતાં. દરવાજાના નીચેના ભાગે ૧૫૦૦ રૂપિયા જેટલું નુકસાન થયું હતું. પોલીસ મથકના પ્રાંગણમાંથી ચોરીની આ ઘટનાથી ખળભળાટ મચી ગયો હતો. ચોરીમાં ચારેયના નામ ખુલતાં પોલીસે જ્યાંથી ખબર કે, બાતમી મળે તે દિશામાં તપાસ માટે પોલીસ સતત પ્રયત્નશીલ હોવા છતાં આ વાતને આજે એક માસનો સમય વિત્યા છતાં આ કેસમાં પોલીસને માત્ર નિષ્ફળતા જ હાથ લાગી હોવાનું જાણવા મળી રહ્યું છે.

# ઝાલોદના ચિત્રોડીયા ગામે કારમાં લઈ જવાતો ૪૭ હજારનો દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ચિત્રોડીયા ગામેથી પોલીસે એક ફોરવિલ ગાડીમાંથી વિદેશી દારૂનો કુલ રૂપિયા ૪૭,૮૮૦/– ના પ્રોહીબીશન જથ્થા સાથે ચાલકની અટકાયત કરી હોવાનું જાણવા મળે છે.

ગત તારીખ ૨૨ મી એપ્રિલના રોજ ઝલક પોલીસ ચિત્રોડીયા ગામે નાકાબંધી કરી આવતા જતા તમામ નાના મોટા વાહનોની તપાસ હાથ ધરી હતી. તે સમયે બાતમીમાં દર્શાવેલ એક ફોરવિલ ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને ગાડી નજીક આવતાની સાથે તેને ચારે તરફથી ઘેરી લઈ ગાડીમાં સવાર ચાલક અશ્વિનભાઈ બચુભાઈ કામોર રહેવાસી થેરકા તાલુકો હાલોલ જિલ્લો દાહોદ નાની અટકાયત કરી પોલીસે ગાડીની તલાશી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બિયરની કુલ બોટલો નંગ.૩૭૮ કિંમત રૂપિયા ૪૭,૮૮૦/– ના પ્રોહીબીશન જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂપિયા ૧,૪૭,૮૮૦/– નો મુદ્દામાલ પોલીસે કબજે કરી ઉપરોક્ત ચાલકની પૂછપરછ કરતા આ વિદેશી દારૂનો જથ્થો એમપીના એક દારૂ ના ઠેકા પરથી લાવ્યો હોવાનું જણાવતા ઝાલોદ પોલીસે ઉપરોક્ત બંને ઈસમો વિરૂદ્ધ પ્રોહિબિશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લીમખેડાના દુધીયા ગામ નજીક ટ્રક અને ફોરવ્હીલ વચ્ચે અકસ્માતમાં મહિલા સહિત બે વર્ષીય બાળકીનું મોત



દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના દુધિયા ગામ નજીક ટ્રક અને ફોર વ્હીલર ગાડી વચ્ચે ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયા હતા. એક મહિલા સહિત બે વર્ષીય બાળકીનો ઘટના સ્થળ પર જ કમકમાટીભર્યું મોત નિપજયાનું જાણવા મળે છે. જયારે અન્ય ઈજાગ્રસ્તોને દાહોદ ની જાહેરાત હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

આજરોજ લીમખેડા તાલુકાના દૂધિયા નજીક હાઈવે રોડ પરથી એક ટ્રક અને ફોરવીલ ગાડી પસાર થઈ રહ્યા હતા. તે સમયે સામે બંને વાહનોનો ધડાકાભેર અથડાતા મધ્યપ્રદેશના થાંદલા નજીક રહેતા એક પરિવારની ફોર ગાડીમાં સવાર કેટલાક કેટલાક ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેને પગલે થાંદલા તાલુકામાં રહેતા ૨૯ વર્ષીય પ્રેમીલાબેન કાનસુભાઈ ડામોર અને બે વર્ષીય નયનાબેન કાળુભાઈ ડામોર એમ બંને જણાને શરીરે તેમજ હાથે–પગે અને માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેનું ઘટના સ્થળ પર જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે એકથી બે વ્યક્તિઓને પણ શરીરે ઈજાઓ પહોંચતા તેઓને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા મારફતે દાહોદની જાહેરાત હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યા હતા અને ઘટનાની જાણ પોલીસને પણ કરવામાં આવતા પોલીસ કાફલો પણ સ્થળ પર દોડી ગયો હતો. સમગ્ર મામલે પોલીસે તલસ્પર્શી તપાસ હાથ ધરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જિગરે ગોરાએ રસૂલ હઝરત બીબી બતુલ રદિયાલ્લાહો અન્હો વફાત : ૩ રમઝાન

જન્મ : હઝરત બીબી ફાતેમા ઝહરા રદિયલ્લાહો અન્હાનો જન્મ ક્યારે થયો તે બાબતે ઈતિહાસકારોમાં મતભેદ પ્રવર્તે છે. છતાં બહુમતિ પ્રમાણે સે નકકી છે કે, આપણા જન્મ નબુવ્વતની જાહેરાતના પ્રથમ વર્ષમાં થયો હતો. આપના અબ્બા જાન એટલે કે આપણા આકા અને મૌલા હુઝુર પુરનુર સલ્લલાહો અલય હે વઆલેહિ વસલ્લમની ઉમર શરીફ (આયુષ્ય) ૪૧ વર્ષની હતી. ત્યારે હઝરત બીબી ફાતેમાનો જન્મ થયો હતો. વળી આપ નબુવ્વ્તની દિવ્ય અને આધ્યાત્મિક રોશનીના સમયમાં થવાના કારણે અન્ય સંતાનો કરતા આપનો મર્તબો ઘણો જ ઉચ્ચ ગણાય છે.

નામ : આપનું નામ ફાતેમહ કે ફાતમા રાખવામાં આવ્યું. આ બાબતે હઝરત અનસ બિન માલિક રદિયલ્લાહો અન્હો કરે છે કે તાજદારે મદીના સલ્લલ્લાહો અલય હે વઆલેહિ વસલ્લમે ફરમાવ્યું છે. મે મારી દીકરીનું નામ ‘‘ફાતેમહ’’ એટલા માટે રાખ્યું છે કે, અલ્લાહ તઆલાને એને અને એના પ્રત્યે પ્રેમભાવ રાખનારને જહન્નમથી આઝાદ કર્યા છે. સુબ્હાનલ્લાહી (કન્ઝુલ–ઉન્ગાલ પેજ–૨૧૯ ભાગ–૬ સ્વાઈકલ મોહરકા પેજ–૧૫૧)
(બહવાલા તોહ–ફ–એ રમઝાન શરીફ પાન ૧૩૭–૧૩૮)
તા. ૨૫/૦૪/૨૦૨૨ સોમવાર
વકતે શહેરી ૪–૪૧
વકતે ઈફતારી ૭–૦૪.
નોંધ : આ ટાઈમ પંચમહાલ તથા દાહોદ જીલ્લા પુરતો છે.

મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.205

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## દાહોદના દેલસર રોડના સર્વે નંબર ૮૭૮ પૈકી ૩ વાળી જમીનમાં

# પ્રિમયમ ચોરીથી લઈ અનેક ગેરરીતિઓ તેમાં પણ નિયમ વગરના બાંધકામ માટે ઝુઝર સૈફુદીન રાણાપુરવાળા સામે રેવન્યુ વિભાગ કાર્યવાહી કરશે ખરી ?

ગોધરા,

દાહોદ નગર દેલસર રોડ ઉપર આવેલ સર્વે નં.૮૭૮ પૈકી ૩ વાળી નવી શરત અને અવિભાજ પ્રકારની જમીનમાં દાહોદના ઝુઝર સૈફુદીન રાણાપુરવાળા એ આ જમીનમાં નગર પાલિકાના નકશા મુજબનું બાંધકામ કરેલ નથી. તેવી વિગતો સામે દાહોદના જાગૃત નાગરિક દ્વારા રેવન્યુ વિભાગ દાહોદ સહિત તમામ લાગતા-વળગતા વિભાગોમાં બે ભુમાફિયાઓ વિરૂદ્ધ કાર્યવાહી કરવા લેખિત રજુઆત કરવામાં આવેલ છે. પરંતુ આ ઝુઝર સૈફુદીન રાણાપુરવાળા જીલ્લા ક્લેકટરના રેવન્યુ વિભાગના તમામ અધિકારીઓ તથા કર્મચારીઓ સાથે સાંઠગાંઠ ધરાવતા હોય જેને લઈ ગેરકાયદેસર બાંધકામ અંગેની દાહોદ પ્રાંત અધિકાર દ્વારા કોઈ તપાસ કે યોગ્ય બાંધકામ કરેલ અંગેની તપાસ કરવામાં આવી નથી.

દાહોદના ભુમાફિયાઓ અવાર-નવાર ગાંધીનગરના ફેરા મારતા હોય છે અને તેઓ મોટા પ્રમાણમાં ખુબ જ મોટી રાજકીય લાગવગ ધરાવતા હોય તેવું જાણવા મળેલ છે અને પ્રાંત દાહોદની વહીવટી ગેરકાયદેસર બાંધકામ આ તાલુકા પંચાયતના અંદર આવતું હોય અને વધારાના બાંધકામની પરમીશન ન હોવા છતાં આ ભુમાફિયા ઝુઝર સૈફુદીન રાણાપુરવાળા ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવી રહ્યું છે સાથે આ સર્વે નંબર ૮૭૮ પૈકી ૩ વાળી જમીનમાં પ્રિમીયમ ભર્યા વગર જમીન એન.એ. કરાવી હોય તેવા અહેવાલ દૈનિક અખબારમાં પ્રસાર થતા હોવા છતાં જીલ્લા કલેકટર તથા કર્મચારીઓ સમક્ષા તાત્કાલીક સ્થળ સ્થાનિક સાચો અને ખરો અહેવાલ મંગાવે તેવી માંગ ઉઠવા પામેલ છે. દાહોદના ઝુઝર સૈફુદીન રાણાપુરવાળા મૂળના ખેડુત નથી તેવી પણ રજુઆતો મળેલ છે. જેથી આ ભુમાફિયા દ્વારા નામી- અનામી મિલ્કતો કોના-કોના નામ પર ખરીદ કરેલ છે અને દસ્તાવેજોમાં પણ તેઓના સાક્ષીઓ પોતાના હોય તેવી જાણજોગ અને સબરજીસ્ટર દાહોદ ક્યેરીએ સર્ચ સાથે તપાસ કરવામાં આવે તો ખૂબ જ મોટા પ્રમાણમાં બેનામી મિલ્કતો બહાર આવે તેમ છે.

પંચમહાલ જીલ્લા ગોધરાના નં જમન/બી.એ./વશી/૯૭૦/૨૦૧૭ તા.૨૭/૦૩/૨૦૧૭માં સરકારનું નુકશાન કરનાર સામે ત્રણ કરોડના નુકશાન ભરપાઈ કરતા આદેશો આપેલ છે. જેથી દાહોદના આ ઝુઝર સૈફુદીન રાણાપુરવાળા સામે આ બાબતે કોઈ કાર્યવાહી કરાશે કે કેમ પ્રિમયમનું નુકશાન થતું હોય તો તાત્કાલીક પગલા લેવાની તથા વસુલાત દંડ બાબતે જીલ્લા કલેકટર રેવન્યુ વિભાગના અધિકારીઓની જવાબદારી થતી હોવા છતાં આ ભુમાફિયાઓ સામે કોઈ કાયદાકીય કે કાનુની કાર્યવાહી દાહોદ જીલ્લા તંત્ર દ્વારા કરાઈ નથી. નોંધ નં.૧૩૦૭૬/૯૩ એ-એ વાળી જમીનો હોય તેમ છતાં ખોટા બનાવટી દસ્તાવેજોના આધારે બિનખેતી કરાવી પ્રિમયમ ભર્યા વગર બિનખેતીમાં રૂપાંતરીત કરાવેલ છે. તેવી હકીકત સુરતના આદિવાસીના ૭૩એ-એ જમીનો દસ્તાવેજ કરનારનો દસ્તાવેજ રદ કરવામાં આવ્યો સાથે ૫.૪૫ કરોડનો દંડ થયો છે. તો આ દાહોદના ઝુઝર સૈફુદીનભાઈ રાણાપુરવાળા સામે આની કાર્યવાહી કરવાની થાય છે. જે ૭૩ એ-એ વાળી નોંધ છે. જેને લઈ દાહોદ રેવન્યુ વિભાગ દ્વારા યોગ્ય તપાસ કરી કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે.

## શહેરાના સાધરા ગામની પરણિતાએ પતિના ત્રાસથી કંટાળી કેરોસીન છાંટી અગ્નિસ્નાન કરી લેતા મોત

શહેરા,

શહેરા તાલુકાના સાધરા ગામની પરિણીતાએ પતિના ત્રાસથી કંટાળી શરીરે કેરોસીન છાંટી અગ્નિસ્નાન કરતા લેતા મોત નીપજ્યું હતું. સમગ્ર મામલે પહેલા તો પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધ્યો હતો. ત્યારબાદ પિયર પક્ષના ફરીયાદના આધારે મૂર્તક રણીતાના પતિ સામે શારીરીક માનસિક ત્રાસ અને દુષ્પ્રેરણ મુજબ પોલીસે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. જ્યારે પિયર પક્ષ દ્વારા પોલીસ સમક્ષ આ મામલે ઝીણવટ ભરી તપાસ થાય તેવી માંગ કરી હતી.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા તાલુકાના સુરેલી ગામના પગી ફળિયા ખાતે રહેતી હંસા મહેન્દ્રભાઈ પગીએ નાનપણ થી માતા પિતાની છત્રછાયા ગુમાવતા ત્રણ ભાઈઓ એ તેને મોટી કરી હતી. જ્યારે હંસા ના લગ્ન સાધરા ગામે રહેતા પ્રકાશ રમણભાઈ ગોહિલ સાથે આજથી ચાર વર્ષ અગાઉ સમાજનાં રીતિ-રિવાજ મુજબ કરેલ હતા. આ બંને પતિ-પત્ની વચ્ચે શરૂઆતમાં ઘર સંસાર સારી રીતે ચાલી રહયો હતો. સમય જતા પતિ પ્રકાશ દ્વારા ખાવાનું બરાબર બનાવતી નથી તેમ કહીને ઝઘડો કરી હંસાને મહેણાં ટોણા મારી માનસિક ત્રાસ આપતા હંસાએ પોતાના છ મહિના ના પુત્રનું પણ વિચાર કર્યા વગર અસહ્ય ત્રાસથી શરીરે કેરોસીન છાંટી અગ્નિસ્નાન કરી લેતા શરીરે દાઝી જતા તેને તાત્કાલિક સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલ માં લઈ જવાઈ હતી. હંસા શરીરે વધુ દાઝી ગયેલ હોવાથી તેને સારવાર અર્થે ગોધરા થી વડોદરા લઈ જતી વખતે રસ્તામાં તેના પ્રાણ પંખેરૂ ઉડી ગયા હતા. પોલીસે સૌપ્રથમ તો અકસ્માત મોતનો ગુનો નોંધ્યો હતો. ત્યારબાદ મરણ જનાર ના પિયર પક્ષના ભાઈ ગોરધન મહેન્દ્રભાઈ પગી એ શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા શહેરા પોલીસે હંસા ના પતિ પ્રકાશ રમણ ગોહિલ સામે શારીરિક-માનસિક ત્રાસ સહિતની કલમ ૪૯૮(ક), ૩૦૬ સહિતની કલમ મુજબ ગુન્હો નોંધીને મરણ જનાર હંસા ના પતિને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.બનાવ ને લઈને સુરેલી અને સાધરા ગામમા ચકચાર મચી ગઈ હતી.

## હાલોલ વિધાનસભા મતવિસ્તારમાં ભરત રાઠવની આગેવાનીમાં મિટિંગનું આયોજન કરવામાં આવ્યું

હાલોલ,

૨૪ એપ્રિલના રોજ આ મિટિંગમાં પંજાબ દીલ્હી ઓફજર્વની ઉપસ્થિતીમાં તેમજ જિલ્લા તાલુકાના તમામ કાર્યકરો ઉપસ્થિત રહ્યા અને બોરીયા ગામના સો લોકો આમ આદમી પાર્ટીમાં જોડાયા અને આવનારા સમયમાં હાલોલ વિધાનસભામાંથી ટૂંક સમયની અંદર દસ હજાર કાર્યકરો આમ આદમી પાર્ટીમાં જોડાશે ભરત રાઠવા દાવો કર્યો છે. આ રેકોર્ડ ટૂંક સમયમાં હાલોલ વિધાનસભામાં સ્થપાશે આગામી આયોજન રણનીતી માઈક્રો પ્લાનિંગ તેમજ વિધાનસભા સીટ જીતવા ની તમામ તૈયારી આમ આદમી પાર્ટી દ્વારા કરી દેવામાં આવી છે. ત્યારે



ગામેગામ જઈને ઓનલાઈન સભ્ય બનાવવામાં આવે છે અને તમામ કાર્યકરોને આ બાબતેની ટ્રેનિંગ બ્લોક લેવલ પર આપવામાં આવે છે. હાલોલ વિધાનસભા પ્રભારી દ્વારા આગામી વિધાનસભા જીતવાની માઈક્રો પ્લાનિંગ થઈ ચૂક્યા છે અને ખૂબ મજબૂતાઈથી આમ આદમી પાર્ટી હાલોલ વિધાનસભા સીટ જીતશે એવી લોક માંગ છે અને કાર્યકરો અને લોકોના ઉત્સાહથી એવું લાગે છે કે, હાલોલ વિધાનસભા સીટ ખૂબ લીડ થી આમ આદમી પાર્ટી પાર્ટી જીતશે ચૂંટણીની જાહેરાતો થાય ત્યાં સુધી આમ આદમી પાર્ટી વિધાનસભા મત વિસ્તારમાં એનો ખુબ મજબુત સંગઠન બનાવશે અતિ મજબુત સંગઠન અને લોકોના જન સંવાદ દ્વારા ગુજરાતની કંઈ જનતાને કઈ કઈ તકલીફો પડે છે. તે સાંભળવામાં પણ આવશે આ મીટીંગ જનસંવાદ આગામી હાલોલ વિધાનસભામાં અરાદ ખાતે ૨૯ તારીખે રાખવામાં આવશે. તેમા આપના નેતા ઈશુદાન ગઢવી પધારવાના છે અને બોરીયા મિટિંગમાં જનસભા બાબતેની કાર્યક્રમની રૂપરેખાની ચર્ચા પણ કરવામાં આવી.

## ધી હાલોલ અર્બન કો.ઓ.બેન્ક દ્વારા હિરક મહોત્સવની ઉજવણી કરાઈ

હાલોલ,

હાલોલના પાવાગઢ રોડ ખાતે આવેલ ધી હાલોલ અર્બન કો-ઓપરેટિવ બેન્ક લિમિટેડ હાલોલ ના ૭૪ વર્ષ પૂર્ણ કરી ૭૫ માં વર્ષમાં મંગળ પ્રવેશ થતા બેંક દ્વારા નગરના પાવાગઢ રોડ પર આવેલ સાઈ મંદિર ખાતે હિરક મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કંજરી રામજી મંદિર ના મહંત રામ ચરણદાસજી મહારાજ ઉપસ્થિત રહ્યા હતા.



પ્રાપ્ત માહિતી અનુસાર હાલોલના પાવાગઢ રોડ ખાતે આવેલ અર્બન કો-ઓપરેટિવ બેન્ક લિમિટેડના હિરક મહોત્સવ પ્રસંગે પંચમહાલ જિલ્લા સહકારી સંઘના ચેરમેન કેતનભાઈ પરીખ, પંચમહાલ જિલ્લા રજીસ્ટાર જે.આર ચારેલ, રિઝર્વ બેંકના નિવૃત્ત ઓફિસર આર.ડી. જોષી સહિત બેંકના સભાસદો, બેન્કના સ્ટાફગણ, થાપણદારો તેમજ નગરના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ સંપૂર્ણ સમારંભમાં દિપ પ્રાગટ્ય કરી ચરણદાસજી મહારાજ આશીર્વચન આપ્યા હતા. જ્યારે બેંકના ચેરમેન અતુલભાઈ વી. શાહ, બેંકના એમ.ડી અતુલ જે. શાહ એ બેંકના ૭૪ વર્ષ પૂર્ણ કરેલ તેની રૂપરેખા આપી હતી. જ્યારે રિઝર્વ બેંક નિવૃત્ત ઓફિસર જોષી સાહેબે આજના હરિફાઈના યુગમાં કો-ઓપરેટીવ બેન્ક ગ્રાહકો સાથે કેવું વલણ અપનાવવું અને કોઓપરેટિવ સેકટરને કેવી રીતે ચલાવું તે બાબતે સલાહ સૂચન આપ્યા હતા. હિરક મહોત્સવ પ્રસંગે બેંક દ્વારા બેંકના સ્થાપક સભાસદોને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

## શહેરામાં માર્ગ ઉપર અડચણરૂપ લારીઓ સામે પોલીસે કાર્યવાહી કરી



શહેરા,

શહેરા પોલીસ દ્વારા માર્ગ ઉપર અડચણરૂપ ઊભી રહેતી હાથલારીઓ સામે કાર્યવાહી હાથધરી હતી. પોલીસે રસ્તા ઉપર અડચણ ઉભી રહેતી હાથલારી તેમજ એક છકડાચાલકને દંડ કરીને ફૂટપાથ ઉપર હાથલારી ઊભી નહી રાખવા માટે જરૂરી સૂચનો આપ્યા હતા.

શહેરા પોલીસ દ્વારા બસ સ્ટેશનથી અણીયાદ ચોકડી સુધીના માર્ગની બે સાઈડ અડચણરૂપ ઉભા રહેતા હાથલારીઓ સામે કાર્યવાહી હાથધરી હતી. પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર રાહુલ રાજપુત દ્વારા હાથ લારીઓવાળા અને દુકાનદારોને ફૂટપાથ ઉપર કોઈ પણ ચીજ વસ્તુઓ મૂકવી નહી તેવું કહેવામાં આવ્યુ છે. જ્યારે પોલીસ દ્વારા અડચણરૂપ ઉભી રહેતી હાથલારી અને છકડા ચાલક સામે જરૂરી કાર્યવાહી કરતા રસ્તાઓ ખુલ્લા જોવા મળી રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, નવીન આવેલા પોલીસ ઈસ્પેક્ટર રાહુલ રાજપૂત દ્વારા સારી કામગીરી કરવામાં આવતા એક સારી એવી છાપ પ્રજાજનોમાં પોલીસની ઉભી થતી જોવા મળી રહી હોય ત્યારે પોલીસ તંત્ર દ્વારાનો પાર્કિંગ ઝોનમાં ઉભા રહેતા ખાનગી વાહનો સામે કાર્યવાહી કરવાની જગ્યાએ રોજિંદા કમાઈને ઘરનું ગુજરાન ચલાવતા હાથલારીઓ સામે કાર્યવાહી કરવામા આવતા ભારે ચર્ચાનો મુદ્દો લોકોમાં બની જવા પામ્યો છે.

## ગોધરાના ચીખોદ્રા પાસે ફાર્મ હાઉસમાં જુગાર રમતા ૧૧ જુગારીયાઓને ઝડપ્યા



ગોધરા,

પંચમહાલ એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેકટર જે.એન. પરમારને ખાનગી બાતમીદાર દ્વારા ચોકકસ બાતમી મળી હતી કે, ગોધરા શહેરના સાતપુલ વિસ્તારમાં મહંમદી સોસાયટીમાં રહેતો ઈમરાન ઈસ્હાક પોસ્તી ઉર્ફે ઈમરાન હિટલર ચિખોદ્રા ગામ પાસે જુગાર રમી રહ્યા છે. જેના આધારે એલ.સી.બી.પોલીસ સ્ટાફ દ્વારા બાતમીવાળા ફાર્મહાઉસમાં છાપો મારતા ૧૧ જેટલા ઈસમો જુગાર રમતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. પોલીસે સ્થળ પરથી પકડાયેલા ઈસમોની અંગજડતી કરીને કુલ ૧,૩૮,૨૫૦ રોકડ, દાવ પરના ૧૬,૪૦૦, ૫૨,૫૦૦ની કિંમતના ૧૩ મોબાઈલ ફોન અને ૧ લાખની કિંમતની પાંચ બાઈક મળીને કુલ રૂ.૩,૦૭,૧૫૦નો મુદ્દામાલ કબ્જે કર્યો તો. પોલીસે પકડાયેલા અબ્દુલ મન્નાન મહંમદ ગીતેલી, સાજીદ ઈલ્યાસ ભમેડી, ઈબ્રાહિમ સિદ્દીક ટપલા, તાહિર તૈયબ તેતરા, હસન યુસુફ પિત્તળ, જફર શોકત કાલુ, ઈમરાન યામીન ડગુ ઉર્ફે પપ્પુ, અહેમદ રમજાની સાદિક હઠીલા ઉર્ફે સત્તાર, મહેબુબ ઈસ્માઈલ બદામ, નાસીર અહેમદ ચુરમલી અને શોએબ યાકુબ મખમલ સામે ગોધરા શહેર બી-ડીવીઝન પોલીસ મથકે જુગારધારા મુજબ ગુનો નોંધ્યો હતો.

## ગરબાડા નગરમાં ભવ્ય ભાતીગળ રંગ કસુંબલ લોકડાયરામાં માનવ મહેરામણ ઉમટ્યો



ગરબાડા,

ગરબાડા નગરમાં વર્ષો બાદ ભવ્ય ભાતીગળ રંગ કસુંબલ લોકડાયરાનું આયોજન કુમાર શાળાના પટાંગણમાં તારીખ ૨૩ એપ્રિલ ના રોજ કરવામાં આવ્યું હતું.

આ લોક ડાયરામાં ગુજરાતના જાણીતા માનીતા અને લોકપ્રિય પ્રસિદ્ધ કલાકારોએ ડાયરાની જમાવટ કરી હતી. જે ડાયરામાં મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. જે દ્રશ્યમાન થાય છે.


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

આજના ભૌતિક યુગમાં વધુ ઉત્પાદન અને વધુ નફો મેળવવામાં ખેડૂતો દ્વારા કેમિકલ ફર્ટીલાઈઝરનો ઉપયોગ વધી રહ્યો છે. જેનાથી ખેડૂતોની જમીન કઠણ બની રહી છે. જેનાથી ભવિષ્ય ખેતઉત્પાદન ઘટવાની, જમીનને નુકશાન થવાની તેમજ માનવજીવન અને પ્રકૃતિ ઉપર અસર થવાની સમભાવનાઓ છે. ત્યારે ઘોઘંબા તાલુકાના સરસવા ગામે બાકરોલ, વાંકોડ, નાથપુરાના ખેડૂતોને શાશ્વત વિકાસ પ્રબોધન પરિષદ વડોદરાના માર્ગદર્શન હેઠળ લોકસહભાગીતા થી જૈવિક ખેતી માટે જૈવિક ખાતર વિતરણ કરવામાં આવ્યું. તેનાથી ખેડૂતોને પોતાની જમીન પોચી, ભેજવાળી અને વધુ ઉત્પાદન મેળવવામાં ઉપયોગી થશે આ કાર્યક્રમમાં સંસ્થાના ફિલ્ડ ઓફિસર આઝાદભાઈ તેમજ પુષ્પેન્દ્રભાઈ સોલંકી હાજર રહ્યાં.

## દાહોદ જુના ઈન્દૌર હાઈવે પર ટાઈલ્સના ગોડાઉનમાંથી ૧૯ હજારની ટાઈલ્સની ચોરી

દાહોદ,

દાહોદમાં નિરવકુમાર શાહના જુના ઈન્દૌર હાઈવે રોડ ઉપર આવેલ ટાઈલ્સના ગોડાઉનમાં નોકર તરીકે કામ કરતા આમલીયાતના મનુભાઈ બારીયાએ ઈન્ડિગોના ચાલક સાથે મળીને ગોડાઉનના તાળાની ડુપ્લિકેટ ચાવી બનાવી ગોડાઉનમાં મુકી રાખેલ ટાઈલ્સો પૈકી ૧૯,૬૮૦ રૂ.ની કિંમતની ટાઈલ્સના બોક્ષ ૪૧ ચોરી ગયા હતા. ચોરીની ઘટના ગોડાઉન બહાર ફિટ કરેલ સીસીટીવીમાં કેદ થતાં નોકર દ્વારા કરાયેલ ચોરીનો ભાંડો ફુટ્યો હતો. આ ઉપરાંત શ્રી મારૂતિ ટ્રેડર્સ ગોડાઉન, સાંગા વેપારી એસો. ગોડાઉન, તથા અલબુરહાની કોમર્શિયલ માર્કેટમાંથી તથા પ્રસારણનગરમાં આવેલ સોસાયટીના ગોડાઉનમાંથી તથા અમદાવાદ ઈન્દૌર હાઈવે રોડ ઉપર આવેલ સ્ટાર વર્લ્ડ ગોડાઉનમાંથી ૨૦૧૯થી અલગ અલગ જગ્યાએથી અલગ અલગ સમયે ટાઈલ્સના બોક્ષની ચોરી કર્યાનુ સામે આવતા આ સંબંધે નિરવકુમાર હસમુખલાલ શાહ અને ધર્મેશકુમાર મીઠાલાલ સિદ્ધપુરીયા તથા પ્રસાદભાઈ મહાજને મનુ સોમા બારીયા તથા ઈન્ડિગો ગાડીના ડ્રાઈવર વિરુદ્ધ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.